Chap-9

૯

# નિષ્કર્ષો અને તારતમ્ય

## ૯.૧ પ્રારંભિક :

અર્વાચીનોમાં આદ્ય સમયમૂર્તિ નર્મદે, ઇ.સ. ૧૮૬૫માં 'કવિચરિત્ર' અને ઇ.સ. ૧૮૬૬માં 'મારી હકીકત' લખીને, અનુક્રમે જીવનચરિત્રો અને આત્મકથાઓના નિર્માણની બુનિયાદ રચી, ત્યારથી માંડી આજદિન સુધીમાં ગુજરાતી ચરિત્રસાહિત્યનું સારું ખેડાણ થયું છે. ચરિત્રોમાં ચરિત્રનાયકોની પ્રકૃતિ અને પ્રવૃત્તિઓનું સત્યનિષ્ઠ વૃત્તાંત આવે, તેનાં વૃત્તિવ્યાપારોનું આલેખન આવે, દેશકાલના સમકાલીન સમાજનું ચિત્ર પણ તેમાંથી ઊપસે. ચરિત્રસાહિત્યમાંથી સમકાલીન જનજીવનના વિવિધ ઘટનાપ્રવાહો અને તત્સંબંધી ચરિતનાયકોના અનુભવો, નિરીક્ષણો અને પ્રત્યાઘાતોનું જીવંત ચિત્ર પણ પ્રાપ્ત થાય. ચરિતસાહિત્ય શિક્ષણની વિકાસઘટનાઓ, તેનાં પ્રેરક અને પ્રતિરોધક પરિબળો, એતદ્વિષયક જનમાન્યતાઓ અને વ્યવહારો, તત્સંબંધી ચરિતનાયકોના પ્રતિભાવો વગેરેનું પણ યથાવત પ્રતિબિંબ ઝીલે. પરિણામે, એમાંથી શિક્ષણનો જીવંત ઇતિહાસ સાંપડે ! અહેવાલો, દફતરો વગેરેના આધાર પર રચાયેલા કેળવણીના ઇતિહાસમાં કેળવણીનું અતિશય મહત્ત્વપૂર્ણ એવું માનવીય પાસું અછતું રહી જાય, એ

કેવળ માહિતીનો સંભાર બની રહે એવો સંભવ વધારે છે. ચરિતસાહિત્ય પર અવલંબિત અધ્યયનમાં આમ થવાની શકયતા ઓછી છે. પ્રા. અનંતરાય રાવળ કહે છે તેમ, ચરિતકથાઓમાં સર્જનાત્મક અને શાસ્ત્રીય બેઉ વાઙ્મયના સીમાડા એકઠા મળે છે. ફલત: તેમાંથી ભૂતકાલીન જનજીવનનાં વિવિધ પાસાંઓનું જીવંત, છતાં પ્રમાણિકતાપૂર્વક નિરૂપાયેલું સત્યનિષ્ઠ ચિત્ર સાંપડે છે. વાસ્તવમાં, જીવનચરિત્રો વ્યકિતજીવનનો ઇતિહાસ જ છે અને ઇતિહાસની માફક તે સત્ય હકીકતો પર રચાયેલાં હોય છે. પરિણામે, તેમાં આલેખાયેલાં વ્યકિતજીવનનાં ઘટના પ્રવાહો, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય પરિવૃત્તી, મનોવ્યાપારો, હૃદયાલેખન વગેરે સત્યથી ધબકતા હોય છે. ચરિત્રસાહિત્ય પ્રથમ શાસ્ત્ર છે અને પછી કલા. ચરિતકાર શાસ્ત્રીય તાટસ્થ્ય અને અનાત્મલક્ષીપણું જાળવતો હોય છે. સત્યશોધન ચરિત્રગ્રંથોનું હાર્દ છે. નવલરામે યોગ્ય રીતે જ કહેલું કે 'ચરિત્રનિરૂપકમાં શોધ, સત્ય, વિવેક અને વર્ણનશકિત એ ચાર ગુણો હોવા જોઇએ.'

ચરિત્રસાહિત્ય (આત્મકથાઓ, જીવનચરિત્રો વગેરે)ની આવી વિશિષ્ટતા હોવાથી, પ્રસ્તુત સંશોધનમાં એનો બહોળો ઉપયોગ કરી, ગુજરાતમાં ઓગણીસમી સદી અને ચાલુ સદીના પહેલા બે દાયકાઓ દરમ્યાન જે શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારો ઊપસ્યા અને જે પ્રમાણે ગુજરાતની કેળવણી ઘડાઇ અને વિકસી તેનું સત્ય, શોધ અને વિવેકની ભાવનાથી અનાત્મલક્ષી આલેખન કરવાનો સંશોધનકારે પ્રયત્ન કર્યો છે.

## ૯.૨ મુખ્ય નિષ્કર્ષો

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ, ઇ.સ. ૧૮૨૦ થી ઇ.સ. ૧૯૨૦નાં વર્ષોમાં ગુજરાતમાં શિક્ષણના ક્ષેત્રે જે વિચારો અને વ્યવહારો ઊપસ્યાં અને જેનું પ્રતિબિંબ આ સમયને આવરી લેતાં જીવનચરિત્રો અને આત્મકથામાં પડયું છે, તેનું બનેતેટલું સુબધ્ધ, સુરેખ અને અનાત્મલક્ષી ચિત્ર ઉપસાવવાનો છે. ગુજરાતની કેળવણીના વિકાસની ગાથા ચરિત્રસાહિત્યની મર્યાદામાં રહીને જીવંત રીતે પણ શકય તેટલી વૈજ્ઞાનિક તટસ્થતા જાળવી, બહુધા સંકલન અને અર્થઘટનની પધ્ધતિઓ વાપરી આલેખવાનો આ નમ્ર પ્રયત્ન છે.

<u>ગામઠી શિક્ષણ</u> : ગુજરાતમાં બ્રિટિશ પધ્ધતિની નવી કેળવણીનો જ્યારે ઓગણીસમી સદીના ત્રીજા દાયકામાં પ્રારંભ થયો, ત્યારે જનશિક્ષણની વ્યાપક ગામઠી શિક્ષણપ્રથા અસ્તિત્વમાં હતી. આ ગામઠીપ્રથાની કેળવણીમાં સત્ત્વ તે સમયે રહ્યું ન હતું. શ્રી નવલરામ પંડયાએ નોંધ્યું છે તે પ્રમાણે, અંગ્રેજોના આગમન સમયે દેશી શિક્ષણના અવશેષરૂપે ટકી રહેલી ગામઠી શિક્ષણવ્યવસ્થા એટલી બધી અધમ બની ચૂકી હતી કે તેને કેળવણી કહેવી એ જ વિપરીત લાગે. ગુજરાતમાં બ્રિટિશ શાસનવ્યવસ્થાનો પ્રારંભ થયો ત્યારે આ ગામઠી કેળવણી 'ગાંધીના વ્યવહારમાં ઉપયોગી થઇ પડે એવી થઇ રહી હતી' એવું નવલરામનું કહેવું હતું. પરિણામે, તેને 'વાણિયાઇ ભણતર' કહેવું વધુ સાચું હતું.

આ ગામઠી શાળાઓ મુંબઇ, સુરત, ભરૂચ, અમદાવાદ જેવાં મોટાં શહેરો કે કપડવંજ, ધોળકા જેવા કસબાઓમાં અસ્તિત્વ ધરાવતી હતી.

આ શાળાઓને 'ધૂળી નિશાળ' પણ કહેવામાં આવતી, કારણ કે દેશમાં ત્યારે સ્લેટ-પેનનો વપરાશ ન હતો, અને વિદ્યાર્થી ઘેરથી બારીક ધૂળની પોટલી કે ખડિયો લેતો આવતો જે લાકડાની નાની પાટી પર છંટકારી તેમાં લાકડાની કલમ જેવા વતરાણાથી અક્ષર ઘૂંટતો.

કેટલાક સ્થળે આ શાળાઓ 'પંડયાની નિશાળો' તરીકે ઓળખાતી કારણ કે તેના શિક્ષક બ્રાહ્મણ પંડિત હતા.

આ શાળામાં બાળકની પ્રવેશ-ઉંમરનાં કોઇ ખાસ ધારાધોરણ ન હતાં, પણ બાળકો ૫ થી ૮ કે ૧૦ વર્ષ સુધીમાં પણ શાળામાં દાખલ થતાં. બાળકપ્રવેશ ધામધૂમથી ઊજવાતો. પ્રવેશ વખતે સરસ્વતી દેવીની પૂજા થતી. શિક્ષકને બાળકનો પિતા પાઘડી બંધાવતો કે તેમને શાલ કે પામરી ઓઢાડતો અને નિશાળીયાઓને ગોળધાણા કે પતાસાં વહેંચવામાં આવતાં. આવી શાળાઓ મકાનના ઓટલા પર, શિક્ષકના ઘરમાં, વડલાની છાંયમાં, ધર્મશાળામાં, ધનિકના ઘરમા કોઇ ભાગમાં, ઢોરની કોઢમાં વગેરે જગ્યાઓએ જયાં થોડાં છોકરાંને ભેગા કરીને ભણાવવાની અનુકૂળતા રહેતી ત્યાં બેસતી. તેનાં સાધનો હતા લાકડાની પાટીઓ, સફેદો, બારીક ધૂળ અને લેખણ કે વતરણાં. શિક્ષક ઘેરઘેર ફરી વિદ્યાર્થીઓને બોલાવી એક જગ્યાએ ભેગા કરતો અને પછી પલટણની હાર માફક શાળાએ લઇ આવતો.

શિક્ષક મોટી અમદાવાદી પાઘડી, ખેસ નાખેલો લાંબો કોટ, ધોતિયું, ચાંખિયા જોડાં પહેરતો. તેનો અભ્યાસક્રમ વ્યવહારુ હતો. તેમાં લેખન, પત્રલેખન, કહેવતો, કવિતા, આંક, ગણિત, હિસાબ, નામું, નીતિબોધ વગેરે અધ્યયન સામગ્રીનો સમાવેશ થતો વાચનનાં પુસ્તકો તે વખતે હતાં જ નહીં. આ અભ્યાસક્રમ નિશ્ચિત કાલમર્યાદાવાળો ન હતો. બાળકને 'બધું આવડી ગયું છે' એવી પ્રતીતિ મહેતાજીને અને વાલીને થાય એટલે બાળકનો અભ્યાસ પૂરો થયેલો ગણાતો.

બ્રિટિશ પદ્ધતિની કેળવણીના પ્રારંભ પછી ક્રમશઃ ગુજરાતમાં ગામઠી શાળાની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠાનાં વહેણ ઊતરતાં જતાં હતાં. નંદશંકર મહેતાના જીવન-ચરિત્રમાં ઉલ્લેખ છે કે જ્યારે નવી પદ્ધતિની સરકારી શાળાઓ ખૂલી ત્યારે આ ગામઠી શાળાઓનું સમાજના મનમાંથી માન ઊતરી ગયું હતું. ગામઠી શાળાનો શિક્ષક વિટંબણા અને તુચ્છકાર પામતો બની ગયો હતો. આ શિક્ષકો માટે તુચ્છકાર દર્શાવતાં જોડકણાંઓ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ઠેરઠેર પ્રચલિત થયાં હતાં. તેમ છતાં, ગુજરાતમાં કેટલીક જગ્યાએ જ્યારે સરકારી શાળાઓ વધારે પ્રચલિત બની હતી ત્યારે પણ આંક અને લેખાં તો 'ધૂળી નિશાળ'વાળા જ પાકાં કરાવે છે એવી માન્યતા ચાલુ રહી હતી, પરિણામે કેટલાક વાલીએ પોતાનાં બાળકોને સરકારી શાળામાં પ્રવેશે તે પહેલાં આવી ગામઠી શાળાઓમાં ભણાવવાનો આગ્રહ રાખતા.

શિક્ષણની પદ્ધતિ મુખપાઠની, રટણની અને પુનરુક્તિની હતી. મોટો નિશાળિયો નાના નિશાળિયાઓને ભણાવે એવી પ્રથા ઘણે સ્થળે પ્રચલિત હતી. વિદ્યાર્થી-સમૂહ બૂમો પાડી, રાગડાતાણી બોલતો અને એ રીતે પાઠયવસ્તુ ગ્રહણ કરતો.

આ જાતના શિક્ષણમાં વિદ્યાર્થીઓને રસ પડતો હોય એવી સાબિતીઓ મળતી નથી. ઊલટું બાળકોના વિપરીત પ્રત્યાઘાતો પડતા એવો નિર્દેશ ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. લાંબો વખત બેસી રહેવાનું અને એકનું એક જ પીંજણ કરવામાં બાળકોને ભારે ત્રાસ લાગતો.

ગામઠી નિશાળમાં શારીરિક સજા- મારનો ત્રાસ ભારે હતો. મહેતાજી મારે નહીં તો ભણતર આવે નહીં એવી માન્યતા શિક્ષક અને વાલીઓમાં હતી.

'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ', એવી માન્યતા પ્રબળ હોવાને લીધે સોટી અને ભણતરનો એકબીજાની સાથેનો સહસંબંધ ઊંચો ગણાતો, ગામઠી

શાળાઓનો શિક્ષણક્રમ અને શિક્ષણપદ્ધતિઓનાં જ્ઞાન અને કૌશલ્યોની કોઇ જરૂરિયાત રહેતી નહીં એમ જણાય છે. વાણિયાઇ જ્ઞાન ધરાવનાર કોઇ પણ બ્રાહ્મણ શિક્ષક બની શકે એવી તે વખતની રીતરસમ હતી. તેમ છતાં એ નિશાળોમાં જેઓ શિક્ષણકામ કરતા તે ઘણા કિસ્સાઓમાં વંશપરંપરાગત હતું. પરિણામે, ગામઠી નિશાળોના જીવનમાં ચીવટપણું સાહજિક રહેલું હતું.

આ પ્રકારની વિવિધ સ્થળોએ આવેલી ગામઠી શાળાઓમાં શિક્ષકો, મકાન, શિક્ષણસાધન, શિક્ષણના ઉદ્દેશો, પાઠ્યક્રમ, પરીક્ષા, સજા વગેરે બાબતમાં એક પ્રકારની એકસૂત્રતા જોવામાં આવતી હતી. આ પ્રથા ગુજરાતમાં તો ઓગણીસમી સદીના અંત સુધીમાં લગભગ મૃતપ્રાય: બની ગઇ હતી.

<u>ગુજરાતમાં બ્રિટિશ કેળવણીનો પ્રારંભ અને પ્રારંભિક અવરોધો</u> : ઓગણીસમી સદીની પહેલી પચ્ચીસીના અંતકાલ સુધીમાં ગુજરાતનાં મોટાં શહેરોમાં સરકારી નિશાળો સ્થાપવાનો નિર્ણય સરકારે લઇ લીધો હતો. દેશમાં ધીમે ધીમે જાહેર જીવનમાં અને શિક્ષણમાં અંગ્રેજી ભાષા દાખલ કરવાનો પ્રયત્ન થતો હતો. ગુજરાતમાં બ્રિટિશ પદ્ધતિની નવી ગુજરાતી શાળાઓ ઉઘાડવાનો આરંભ ૧૮૨૬માં સુરતમાં બે શાળાઓ ખોલીને સરકારે કર્યો હતો. ત્યાર પછી સોળ વર્ષે, એટલે કે ૧૮૪૨માં પહેલી અંગ્રેજી શાળા સુરતમાં સ્થપાઇ. સુરતની સાથે ભરૂચ અને અમદાવાદમાં પણ નવી બ્રિટિશ પદ્ધતિઓની શાળાઓ સ્થાપવામાં આવી હતી. નવી શાળાઓનો વિસ્તાર અને વિકાસ સાધવામાં પ્રારંભિક મુશ્કેલી નવી શાળાઓને યોગ્ય મહેતાજીઓ મેળવવામાં નડી. આવા મહેતાજીઓ શોધવાનું કામ રણછોડદાસ ઝવેરીને સોંપવામાં આવ્યું હતું તે તેમના જીવનચરિત્ર પરથી જાણવા મળે છે, અને તેમણે અમદાવાદ, સુરત અને મુંબઇમાંથી આ નવી શાળાઓ માટે કેટલાક માણસો શોધી કાઢ્યા હતા તેવો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. આ માણસોને રણછોડદાસે સાથે લઇ જઇને શહેરોમાં નવી નિશાળોનો પ્રારંભ કર્યો હતો. બીજો સુરત, ભરૂચ અને અમદાવાદમાં નિશાળો સ્થાપ્યા પછી, રણછોડદાસે મહેતાજીઓને તૈયાર કરી ઓરપાડ, કાલીયાવાડી, વલસાડ, બગવાડી, અંકલેશ્વર, જંબુસર, આમોદ, નડીઆદ વગેરે મોટાં કસબાઓનાં મથકોમાં નવી પદ્ધતિની શાળાઓ શરૂ કરવામાં પોતાનો ફાળો આપ્યો હતો.

આ નવી શાળાઓનો ગુજરાતી સમાજે તુરંત વિનાવિરોધ અપનાવી લીધી નહોતી.

ગામઠી નિશાળોથી ટેવાયેલા જનસમાજ દ્વારા પ્રારંભમાં તેનો વિરોધ થાય એ સ્વાભાવિક હતું. જૂના અને નવા વચ્ચેનો સંઘર્ષ થોડા સમય સુધી ચાલુ રહ્યો. કેટલાંક સ્થળોએ ગામઠી મહેતાજીઓનું જોર ભારે હતું. તેમણે પણ નવી શાળાઓનો જબરજસ્ત વિરોધ કર્યો. નવા ભણતરનો પ્રકાર ચાલુ રિવાજથી જુદો હતો અને તેથી ય કેટલોક વિરોધ સર્જાયો હતો. લોકોને ડર હતો કે સરકાર એમના છોકરાને ભણાવીને લશ્કરમાં લઇ જશે કે વટલાવશે. આ વિઘ્નો ભારે હતાં. પરિણામે, જયાં જયાં સરકારી પ્રાથમિક શાળાઓ ઊઘડતી ત્યાં સરકારી ગુજરાતી અમલદારોને લોકોને સમજાવવામાં ઘણી મહેનત લેવી પડતી. નવી શાળાના શિક્ષકોની જ્ઞાન વગેરે બાબતમાં પ્રતિષ્ઠા હલકી પાડવા સ્થાનિક ગામઠી શાળાના શિક્ષક કોઇ પ્રયત્ન કે ઈલાજ લેવામાં પાછું જોતા નહીં. એ વખતનું જનમાનસ પણ અંધશ્રદ્ધાથી ભરપૂર હતું, અને વૈજ્ઞાનિક સત્યો પર રચાયેલા નવા જ્ઞાનને ઝડપથી ગ્રહણ કરી શકે એમ ન હતું. ભૂગોળ અને ખગોળનું શિક્ષણ આ રીતે અંધશ્રદ્ધાળુ સમાજના ડરને કારણે કેટલીક જગ્યાએ યોગ્ય રીતે અપાતું ન હતું તેવી સાબિતી ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

આ અરસામાં અંગ્રેજ સરકારે હિન્દુઓને વટલાવી ધર્મભ્રષ્ટ કરવા માટે શાળાઓ શરૂ કરી છે, એવી માન્યતા પણ લોકમાનસમાં વ્યાપક બનતી જતી હતી. મિશનરીઓ દ્વારા સંચાલિત શાળાઓની વટાળ-પ્રવૃત્તિએ આ માન્યતાને દૃઢ બનાવી હતી. તેથી, પણ સરકારી પ્રાથમિક અને અંગ્રેજી શાળાઓ સામે જનસમાજનો જબરજસ્ત વિરોધ થતો રહ્યો હતો. મિશન શાળાઓના ધર્મપરિવર્તનના કિસ્સાઓની અસર સરકારી શાળાઓ પર પણ પડતી હતી. એને પરિણામે અંગ્રેજો, એમની ભાષા અને એમની સંસ્થાઓ તરફનો લોકવિરોધ પ્રબળ રહેતો. તદુપરાન્ત, અંગ્રેજી ભાષા યાવની ભાષા છે, અને તે ભણવાથી ધર્મભ્રષ્ટ થવાય- વટલાઇ જવાય એવી ગેરમાન્યતાને પરિણામે પણ નવી પદ્ધતિની શાળાઓ પ્રત્યે લોકરોષ પ્રગટયો હતો.

<u>નવો પાઠયક્રમ અને પાઠયપુસ્તકો</u> : નવી પદ્ધતિની નિશાળો માટે નવો પાઠયક્રમ અને અભ્યાસનાં પાઠયપુસ્તકો તૈયાર કરવાની કામગીરી 'મુંબઈહિંદ નિશાળ તથા પુસ્તક મંડળ' (૧૮૨૦-૧૯૪૦) તરફથી 'ગુજરાતની કેળવણીના પિતા'ના નામે ઓળખાતા સરકારી અમલદાર, ભરૂચના વતની રણછોડદાસ ગીરધરભાઇ ઝવેરીએ સંભાળી હતી. નવી સરકારી શાળાઓ માટે પાઠયક્રમ અને પાઠયપુસ્તકોની નિર્માણની

પ્રક્રિયા ઓગણીસમી સદીના પાંચમા-છઠ્ઠા દસકા પર્યંત ચાલુ રહી. આ નિર્માણ પ્રક્રિયામાં ગુજરાતના મદદનીશ શિક્ષણાધિકારીઓનો પણ સક્રિય સાથ લેવામાં આવ્યો હતો.

શિક્ષકોની તાલીમ : ગુજરાતમાં શિક્ષકોની તાલીમની શરૂઆત પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સેવાંતર્ગત તાલીમથી થઇ. તેના આધપ્રણેતા પણ રણછોડદાસ ગીરધરદાસ ઝવેરી. આ પ્રારંભિક શિક્ષકતાલીમમાં મહેતાજીઓને ચડતા પગારે તાલીમ આપવાનો અને તાલીમને અંતે તાલીમની કીમતાનું મૂલ્યાંકન કરવા પરીક્ષા યોજવાનો અભિગમ પણ સ્વીકારાયો હતો. નવી પદ્ધતિની શાળાઓનું વિસ્તરણ અને ગુણવત્તા વિકાસ એ બંને તત્ત્વો એક સાથે કેળવણીક્ષેત્રે પ્રવેશ્યાં હતાં. આ બધા પ્રયત્નોને લીધે 'હોપ-વાચનમાળાઓ'નું નિર્માણ થયું હતું શિક્ષકતાલીમનો કાયમી પ્રબંધ કેળવણીખાતાની રચના પછી તરતનાં વર્ષોમાં જ થયો.

વહીવટીતંત્ર : ઇ.સ. ૧૮૪૦ સુધી ગુજરાતમાં કેળવણીખાતાના તંત્રનું નિયમન અને નિરીક્ષણ 'બોમ્બે નેટીવ સ્કૂલ્સ અને સ્કૂલબુક કમિટિ'ના હાથમાં હતું. ત્યારે પછી, ૧૮૪૦ થી ૧૮૫૪ સુધી કેળવણીના વહીવટનો દોર 'બોર્ડ ઓફ એજ્યુકેશન'ના હાથમાં રહ્યો. શૈક્ષણિક વહીવટને લાગે વળગે છે ત્યાં સુધી, પ્રથમ વાર જ એમાં દેશવાસીઓને સ્થાન મળ્યું હતું. ૧૮૫૫થી નવા કેળવણીખાતાની શરૂઆત થઇ. અનેક ગુજરાતી વિદ્વાનો- મહીપતરામ નીલકંઠ, નવલરામ પંડ્યા, નંદશંકર મહેતા વગેરે કેળવણીખાતાની નોકરીમાં હતા.

ઇ.સ. ૧૮૮૨ના હંટર શિક્ષણપંચની ભલામણો અનુસાર સરકારે મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણની જવાબદારી ઉપાડી ને માધ્યમિક અને ઉચ્ચતર કેળવણીની જવાબદારી ખાનગી સાહસ પર છોડી દીધી. ૧૮૮૫ પછી ગુજરાતમાં મુખ્યત્વે માધ્યમિક શિક્ષણને ઠીક ઠીક વેગ મળ્યો, પરંતુ તેમાં વ્યાપારી તત્ત્વો પણ પ્રવેશ કરતાં ગયાં. પરંતુ ૧૯૧૯માં પ્રજાકીય પ્રધાનો પ્રધાનમંડળમાં નીમાયાં ત્યાં સુધી પ્રાથમિક શિક્ષણનું જોઇએ તેટલું વિસ્તરણ થયું નહીં.

ઇ.સ. ૧૮૫૪ના વુડના ખરીતાની ભલામણો પ્રમાણે ઇ.સ. ૧૮૫૭માં મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ. એનું સ્વરૂપ જોડાણ આપનારા વિશ્વવિદ્યાલયનું હોવાથી

મુંબઇ પ્રાંતમાં અને દેશી રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સ્થપાવા લાગી. એમાં શિક્ષણ પ્રાપ્ત કરનારાઓને ઊંચા પગારની નોકરીઓ મળતી હોવાથી ઉચ્ચશિક્ષણનો ઠીક ઠીક વિકાસ સધાવા લાગ્યો.

<u>કેળવણીનો અર્થ</u> : ગામઠી શાળાઓમાં અપાતી કેળવણીનો અર્થ ઘણો જ મર્યાદિત હતો. વાંચતાલખતાં આવડયું તથા નામું માંડતા શીખ્યા એટલે કેળવણી મળી એવી ઓગણીસમી સદીના બીજા-ત્રીજા દસકા સુધી જનસમાજમાં બહુધા માન્યતા હતી. શિક્ષણ લેવા પાછળની લોકોની દૃષ્ટિ મહદ્અંશે વ્યાવહારિક હતી, અને કેળવણીનો અર્થ વેપારવણજાર્થે તાલીમ મેળવવી એવો સાંકડો કરવામાં આવતો. નવી સરકારી શિક્ષણપ્રથાનું મંડાણ ગુજરાતમાં ૧૮૨૬થી શરૂ થવા માંડયું. આ નવી શિક્ષણપ્રથાના નિર્માણની સાથે ગુજરાતમાં શિક્ષણના ખ્યાલોમાં પણ પલટો આવવો શરૂ થયો.

કેળવણીની જે નવી સંકલ્પના વિકસી તેમાં નીચેના વિચારતત્ત્વો પ્રવેશ્યાં :

-- કેળવણી એટલે માનસિક યા બૌદ્ધિક વિકાસની પ્રક્રિયા,
-- ડગલેને પગલે બુદ્ધિના કોશો (સેલ્સ) સ્વચ્છ કરે તે કેળવણી,
-- કેળવણી એટલે વિચારશકિતની ખિલવણી કરનારી પ્રક્રિયા,
-- કેળવણી એટલે વાંચવાલખવાની આવડત જ નહીં, પરંતુ કાર્યકારણનો સંબંધ સમજાવતી તર્કશકિતનો વિકાસ,
-- કેળવણી એટલે માહિતીનો ભંડાર જ નહીં, પરંતુ માહિતી-જ્ઞાનનો જીવનમાં વિનિયોગ - કેળવણી એ રટણ કે કંઠસ્થીકરણની નીરસ યાંત્રિક પ્રક્રિયા જ નથી, પરંતુ એથીય કાંઇક વિશેષ છે.

<u>કેળવણીના ઉદ્દેશ</u> : અધ્યેયકાલ દરમ્યાન કેળવણીના ઉદ્દેશો નીચે જેવા વિચારાયા હતા:

-- વિચાર કરવાની શકિતની ખિલવણી કરવી,
-- માનસિક શકિતઓનો વિકાસ સાધવો,
-- લોકોને સામાજિક, આર્થિક અને ઔદ્યોગિક સ્થિતિની સુધારણાનું સાધન-દર્શન પૂરું પાડવું,
-- ડહાપણની વૃદ્ધિ કરવી,
-- વિવેકશકિતનો વિકાસ સાધવો,
-- ઇન્દ્રિયોને તાલીમ આપી કુશાગ્ર કરવી,

-- શારીરિક વૃધ્ધિ-વિકાસ સાધવો.

અધ્યેયકાલ દરમ્યાન - વિશેષત: એના અંતિમ દાયકાઓમાં બ્રિટિશ પધ્ધતિની કેળવણીની ત્રુટિઓની સ્પષ્ટતા થતાં, અને એની સમજ વ્યાપક બનતાં-કેળવણીને વિશાળ અર્થમાં અવલોકવાના પ્રયત્નો પણ થયા છે. કેટલાક વિચારકોએ કેળવણીનો ઉદ્દેશ બાળકની બીજભૂત શકિતઓનો વિકાસ સાધવો એ હોવો જોઇએ, એવાં પ્રતિપાદનો પણ કર્યા છે. આવા વિચારકોને એ સત્ય પણ લાધ્યું હતું કે કેળવણી એ એવી પ્રક્રિયા નથી, જે શાળાની ચાર દીવાલોમાં જ પૂરાયેલી રહે, પરંતુ તે આત્મશિલ્પની નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે.

શિક્ષકનું સ્થાન અને કાર્ય : કેળવણીની ઉપર્યુકત વિશાળ સંકલ્પના અને ઉદાત્ત ઉદ્દેશોના સંદર્ભમાં, શિક્ષકનાં સ્થાન અને કાર્ય વિશે પણ કેટલાક વિચારો પ્રચલિત થયેલા જોવા મળે છે. એવા વિશાળ અર્થમાં શિક્ષક એટલે બાળકોનું ઘડતર કરનાર શિલ્પી. બાળકોમાં ગર્ભસ્વરૂપે રહેલી શકિતઓની યોગ્ય માવજત ધ્વારા તેમનાં વૃધ્ધિ અને વિકાસ સાધનારો માળી તે શિક્ષક. વિદ્યાર્થીઓ તરફની સ્નેહવૃત્તિ વ્યકિતને શિક્ષક તરીકે વધારે લાયક અને પૂજ્ય બનાવે છે. શિક્ષકમાં સેવાની સાચી ભાવના હોવી જોઇએ. તે ચારિત્ર્યવાન પુરુષ હોવો જોઇએ. બાળકના ઘડતર-શિક્ષણકાર્યમાં પોતાનું હૃદય રેડી તેને મનુષ્યત્વ આપવાની જવાબદારી શિક્ષકે ઉઠાવવી જોઇએ. શિક્ષકનું કામ મહત્ત્વનું અને મહાન છે.

કેળવણીના અર્થ અને ઉદ્દેશો વિશે અધ્યેયકાલ દરમ્યાન ઉપર્યુકત વિચારો પ્રવર્તમાન હતા. પરંતુ બ્રિટિશ પધ્ધતિની કેળવણીનો ઉદ્દેશ તો રાજવહીવટમાં ઉપયોગી થાય, એવા કારકુનો અને નિમ્ન પાયરીના અમલદારો તૈયાર કરવાનો જ રહયો હતો, એમ દર્શાવતાં ઘણાં પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. ઉછરતી પેઢીઓ બ્રિટિશ રાજય તરફ વફાદારી કેળવે એ પણ તેનો ઉદ્દેશ બન્યો હતો. આ રીતે રાજકીય ઉદ્દેશની પરિપૂર્તિની બુનિયાદ પર બ્રિટિશ શિક્ષણપ્રથાની માંડણી થઇ હતી.

કેળવણીની યોજનાઓ : બ્રિટિશ શિક્ષણપ્રથાના વિકાસ સાથે તેની મર્યાદાઓ પણ ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગી અને કેળવણીના ઉદ્દેશો અને યોજનાઓ કેવાં હોવાં ઘટે, એ દિશામાં કેટલાક ચિંતકોએ વિચારણા કરી. ગુજરાતમાં નવલરામે અને પ્રો. ત્રિભુવનદાસ

ગજ્જરે ઓગણીસમી સદીના છેલ્લા દાયકાઓમાં કેળવણીનાં ચાલુ ધોરણોથી જુદી પડતી શિક્ષણયોજનાઓ વિચારી. નવલરામની શિક્ષણયોજનામાં વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ અને સામાજિક ભેદભાવોની નાબૂદી પર ભાર મૂકાયો હતો. પ્રો.ગજ્જરની શિક્ષણયોજના વિશેષત: ધંધાદારી કેળવણીને લગતી હતી. એમાં પ્રાથમિક શિક્ષણસ્તરથી માંડી ઉચ્ચશિક્ષણસ્તર સુધીના ધંધાદારી શિક્ષણનું માળખું સૂચવાયું હતું.

આમ બ્રિટિશ શિક્ષણપ્રથાની મર્યાદાઓ સ્પષ્ટ થતી ગઈ, તેમ તેમ કેળવણીને તેના સાચા પરિમાણમાં મૂલવવાના પ્રયત્નો થતા રહયા અને કેળવણીના ઉદ્દેશો અને યોજનાઓ વિશે નવી નવી વિચારસરણીઓ ઉદ્ભવ પામવા લાગી.

## ૯.૩ વિશિષ્ટ નિષ્કર્ષો :

કેળવણીને ઘડનારી પાર્શ્વભૂમિકા : કોઈ પણ દેશની શિક્ષણપ્રથાના નિર્માણ અને વિકાસનો આધાર તેની ઐતિહાસિક પરંપરાઓ અને પ્રવર્તમાન રાજકીય, ધાર્મિક, સામાજિક પશ્ચાદ્ભૂમિકા પર રહે છે. વાસ્તવમાં, આ ભૂમિકા શિક્ષણના ઉદ્દેશો નિર્ધારિત કરે છે અને એ ઉદ્દેશોની અસર શિક્ષણની તરાહ, અભ્યાસક્રમ, શિક્ષણપદ્ધતિઓ વગેરે પર થતી હોય છે. શિક્ષણપ્રથાના વિકાસ કે હ્રાસનો આધાર પણ ઉકત પશ્ચાદ્ભૂમિકા પર રહે છે. પરિણામે, શિક્ષણને- એતદ્વિષયક વિચારો અને વ્યવહારોને- સમજવા ઐતિહાસિક, રાજકીય, ધાર્મિક, સામાજિક પીઠિકાને લક્ષમાં લેવી આવશ્યક બને છે. અધ્યેયકાલ દરમ્યાન વિવિધ કાલખંડમાં તે નીચે પ્રમાણે રહેવા પામી હતી :

(૧) ગુજરાત શબ્દ ઈ.સ.ના પાંચમા દાયકામાં રાજસ્થાનમાં આવી વસેલી, મૂળ મધ્ય એશિયાની 'ગુર્જર' કે 'ગુઝ્ર' નામે ઓળખાતી જાતિ સાથે સંકળાયેલો છે. એ પ્રજાએ ધીમે ધીમે વિસ્તાર સાધ્યો. ઈ.સ. ૯૬૧માં ચાલુક્ય વંશના મૂળરાજના રાજ્યઅમલના પ્રારંભથી, લાટ (દક્ષિણ ગુજરાત), સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) અને કચ્છના વિસ્તારો 'ગુજરાત' તરીકે ઓળખાતા થયા. એ પહેલાં ગુજરાતના જુદા જુદા વિસ્તારો ભિન્ન ભિન્ન શાસકોના સત્તા હેઠળ હતા અને એ પ્રદેશો જુદા જુદા નામે ઓળખાતા. આમ, ઈ.સ. ૯૬૧ સુધી ગુજરાતે રાજકીય એકત્વ સિદ્ધ કર્યું નહોતું. ચાલુક્યવંશના છેલ્લા રાજા વિશલ દેવનું ઈ.સ.૧૨૬૧માં નિધન થતાં ઈતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ સંકેલાવા લાગ્યું.

ચાલુક્યોના રાજ્યઅમલ દરમ્યાન સમાજનું માળખું જડ નહોતું. પ્રજા પ્રાણવાન અને સંસ્કારી હતી. વિદ્યાઓ અને કલાઓનો સારો વિકાસ સધાયો હતો. ઇ.સ.૧૨૯૭માં મુસ્લિમ સુલતાનોનો રાજ્યઅમલ શરૂ થયો ત્યાં સુધી પ્રજા સુખી અને સમૃદ્ધ હતી.

(૨) ઇ.સ. ૧૨૯૭ થી ઇ.સ. ૧૫૭૩ સુધીનો સુલ્તાનોના રાજ્યઅમલનો સમગ્ર કાલ ગુજરાત માટે આક્રમણો અને અનિશ્ચિતતાઓનો કાલ બની રહયો હતો. એ ગાળા દરમ્યાન નાગરિક જીવનસંક્ષુબ્ધ બની રહ્યું. સંસ્કૃત ભાષાને મળતો રાજ્યાશ્રય બંધ થયો. મુસ્લિમોની ધાર્મિક અસહિષ્ણુતાએ હિંદુ ધર્મસ્થાનો અને સાહિત્યનો નાશ નોતર્યો. વિદ્વાન પંડિતો અને કવિઓ ગુજરાત છોડી બનારસ જેવાં સ્થળોમાં જઇ વસવા લાગ્યા. મુસ્લિમ શાસકોએ હિન્દુ શિક્ષણ અને સંસ્કૃતિની અવહેલના જ કરી.

(૩) ઇ.સ.૧૭૦૭ થી ઇ.સ. ૧૮૧૮ સુધી ગુજરાત મુખ્યત્વે પેશ્વાઇ સત્તા હેઠળ મરાઠી સુબાઓના હાથમાં રહયું. એકંદરે ગુજરાત માટે મુસ્લિમ અને મરાઠી સત્તાનો કાળ એના સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસનો અંધકાર યુગ હતો. એ સમય દરમ્યાન સંસ્કારી અને શાંત તેમજ સમૃદ્ધ પ્રજાજીવન છિન્નભિન્ન થઇ ગયું, સંસ્કૃતનો અભ્યાસ ઓછો થવા લાગ્યો. ધર્મનાં મૂળ પુસ્તકો સંસ્કૃતમાં લખાયેલાં હોવાથી અને સામાન્ય લોકોને એમાં સમજ પડે એમ ન હોવાથી લોકોની અંધશ્રદ્ધાઓ પર નભનાર દંભી ગુરુઓની જમાત ઊભી થઇ. સલામતીની ચિંતામાંથી કન્યાઓનાં બાળલગ્નની રૂઢિ વ્યાપક બની. કન્યાઓ શિક્ષણ લેતી બંધ થઇ. લોકમાનસ સંકુચિત અને જડ બની ગયું. પરિણામે કેટલીક બિનતંદુરસ્ત રૂઢિઓ અને પરંપરાઓ ઊભી થઇ.

મુસ્લિમશાસન દરમ્યાન હિંદુઓના શિક્ષણની ઉપેક્ષા થઇ. પરંતુ એ સમય દરમ્યાન નાનાં નગરોમાં ગુજરાતી ભાષામાં શિક્ષણ આપતી ગામઠી શાળાઓ કે પંડ્યાઓની નિશાળો તરીકે ઓળખાતી શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી હતી.

(૪) મરાઠાઓના શાસનનો કાલ પણ ગુજરાત માટે અરાજકતા અને કમનસીબ યાતનાઓનો સમય હતો. એમના અમલમાં પ્રદેશ પાયમાલ થઇ ચૂકયો હતો.

પ્રજાજીવન ખૂબ જ અસ્વસ્થ બની ગયું હતું. લોકો મરાઠાઓના અરાજકતાપૂર્ણ લૂંટારુ રાજયથી તંગ આવી ગયા હતા. આવી પરિસ્થિતિમાં સમાજજીવન સવિશેષ રૂઢિબધ્ધ, અલગતાવાદી, જડ અને અંધશ્રધ્ધાળુ બને એ સ્વાભાવિક જણાય છે.

આ કાલ દરમ્યાન શિક્ષણનું કાર્ય ખાનગી વ્યકિત કે સંસ્થા દ્વારા થતું. રાજય તરફથી પ્રજાને શિક્ષણ આપવાની કોઇ સીધી જવાબદારીનો સ્વીકાર થયો ન હતો. આ યુગની મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ સ્થાનિક લોકોના સહકાર વડે ખાનગી ધોરણે નિભાવવામાં આવતી.

(૫) ઇ.સ. ૧૮૦૨ થી ગુજરાતના રાજકારણમાં બ્રિટિશ સત્તાનો પ્રવેશ થવા માંડયો. અંગ્રેજોએ પ્રારંભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું નિર્માણ કરી લોકોનાં દિલ જીતી લીધાં હતાં. ધીમે ધીમે બ્રિટિશ સત્તા વિસ્તરતી જતી હતી અને જામતી જતી હતી.

બ્રિટિશ અમલ શરૂ થતાં ગુજરાતને વહીવટી દ્રષ્ટિએ મુંબઇ પ્રાંત સાથે જોડવામાં આવ્યું. ગુજરાતમાં અંગ્રેજી સત્તાના વિસ્તાર સાથે પૂર્વે પ્રવર્તતાં અંધાધૂંધી, ખટપટો અને યાતનાઓ ધીમે ધીમે દૂર થયાં, અને શૈક્ષણિક વિકાસ માટે અનિવાર્ય એવી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું નિર્માણ થવા લાગ્યું. ગુજરાતે સદીઓથી નહીં અનુભવેલી શાંતિ અને સ્થિરતા આવતાં ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ પણ સમૃધ્ધ બનતું ગયું. કેળવણીના વિકાસ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાતાં એ દિશામાં પણ પ્રગતિ થવા લાગી. ઇ.સ. ૧૮૨૬માં, ગુજરાતમાં પ્રાથમિક શાળાઓ અને ઇ.સ. ૧૮૪૨માં અંગ્રેજી શાળાઓની સ્થાપનાનો પ્રારંભ કરી કંપની સરકારે અર્વાચીન કેળવણીનો પાયો નાખી દીધો હતો.

(૬) ઓગણીસમી સદીના પૂર્વાર્ધ (૧૮૦૧-૧૮૫૦)માં પ્રજાનું ધાર્મિક જીવન અનેક અંધશ્રધ્ધાઓ અને વહેમોને પોષનારું બની રહયું હતું. ધર્મને નામે છૂતાછૂતના ખ્યાલો, ફરજિયાત વૈધવ્ય, સતી થવાનો ચાલ વગેરે જેવાં અનેક કુરિવાજો અને રૂઢિઓ સમાજજીવનમાં પ્રવેશ્યાં હતાં. એ બધું પ્રજાને ઐતિહાસિક વારસામાં મળેલું. અજ્ઞાનનો અંધકાર ચોતરફ વ્યાપેલો હતો. પ્રજાનું

અંધશ્રદ્ધાળુ અને વહેમીલું માનસ નવી કેળવણી માટે પ્રારંભમાં અવરોધક નીવડયું હતું. અંગ્રેજો, અંગ્રેજી ભાષા અને અંગ્રેજી નિશાળો વિશે પ્રજામાં કેટલાક ખોટા ખ્યાલો પ્રચલિત થયા હતા જે તેનાં અજ્ઞાન અને અંધશ્રદ્ધામાંથી નિપજયા હતા. નવી કેળવણીએ પુરસ્કૃત કરેલાં વૈજ્ઞાનિક સત્યોને ધર્મશાસ્ત્રોનું સમર્થન મળતું નહીં હોવાથી પ્રજા એ કેળવણીનો વિરોધ કરતી.

ઉકત કાલ ખંડના અંતિમ દાયકામાં નવી કેળવણી પામેલા કેટલાક સુધારકોએ પ્રજાના ધાર્મિક જીવનની સુધારણા માટેના પ્રયત્નો કર્યા હતા. પરંતુ એમણે રૂઢિચુસ્ત પ્રજાના પ્રબળ વિરોધનો સામનો કરવાનો હતો. આવા પ્રયત્નોની અસર નહીંવત્ રહેવા પામી હતી.

(૭) ઓગણીસમી સદીના પૂર્વાર્ધ (૧૮૦૧-૧૯૫૦)માં પ્રજાનું સામાજિક જીવન કૂપમંડુકની સ્થિતિમાં હતું. લોકો જ્ઞાતિઓના વાડામાં પૂરાઇ રહયા હતા. અજ્ઞાનજન્ય અંધશ્રદ્ધાઓ અને વહેમોને પરિણામે બાળલગ્નો, કન્યાવિક્રય, વરવિક્રય, દહેજ - વાંકડો આપવાની પ્રથા, ફરજિયાત વૈધવ્ય, પરદેશગમન, નિષેધ વગેરે અનિષ્ટો પ્રજાજીવનમાં વ્યાપક હતાં.

નવી કેળવણી સામે ભદ્રવર્ગના લોકોમાં પણ વિરોધ હતો. એ કેળવણી પ્રાપ્ત કરનારને કન્યા આપવા પણ કેટલાક તૈયાર નહોતા. પરદેશ જવાની તો કોઇ હિંમત જ કરી શકતું નહોતું. પ્રજા અજ્ઞાનમાં જીવતી હતી અને એમાં રાચતી હતી. સમગ્ર રીતે જોતાં આ સામાજિક જડતાનો યુગ હતો.

સામાજિક સુધારણા માટે સુરતના દુર્ગારામ, દાદોબા, પાંડુરંગ વગેરે જેવા શિક્ષકોએ કેટલાક પ્રયત્નો કરેલા પરંતુ એની અસર નહીંવત્ હતી.

(૮) ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીની પ્રથમ વીસી - (૧૮૫૧-૧૯૨૦) દરમ્યાન રાજકીય તખતા પર કેટલાક મહત્ત્વનાં સંચલનો શરૂ થયાં હતાં. ઇ.સ. ૧૮૫૭માં કંપની સરકાર સામે થયેલો દેશવ્યાપી વિપ્લવ એ આ સમયની પ્રમુખ ઘટના હતી. ગુજરાતનો શિક્ષિત વર્ગ મહદ્અંશે અંગ્રેજોની તરફદારી કરનારો રહયો હતો. ગુજરાત પર એની ઝાઝી અસર થઇ નહોતી. એને પરિણામે કંપની સરકાર હસ્તકથી વહીવટ

લઇને બ્રિટિશ પાર્લામેન્ટને હસ્તક મૂકાયો. ઇ.સ. ૧૮૮૫માં રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઇ પરંતુ ગુજરાત ઇ.સ. ૧૯૧૭માં એને ગાંધીજીનું નેતૃત્વ પ્રાપ્ત થયું ત્યાં સુધી રાજકીય દૃષ્ટિએ વિનીત રહયું હતું. અલબત્ત એના શિક્ષિત યુવકો શૈક્ષણિક, સામાજિક ઉન્નતિના વિવિધ રચનાત્મક કાર્યોમાં જોડાવા લાગ્યા હતા.

(૯) ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીની પ્રથમ વીસી (૧૮૫૫-૧૯૨૦) દરમ્યાન ગુજરાતમાં ધર્મસુધારણા માટેની હિલચાલોએ વેગ પકડયો હતો. નવી કેળવણી એ પ્રેરેલી જાગૃતિની આ સ્વાભાવિક નિષ્પત્તિ હતી. આવી ઝુંબેશોએ અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં (૧૮૭૦-૧૯૨૦) વધુ વેગ અને વ્યાપ ધારણ કર્યા હતાં. ધીમે ધીમે પ્રજાને ધર્મના સાચા સ્વરૂપનો ખ્યાલ આવવા લાગ્યોહતો અને અંધશ્રધ્ધાઓ તથા વહેમો ઘટવા લાગ્યાં હતાં.

(૧૦) ઉપર્યુકત કાલખંડ (૧૮૫૫-૧૯૨૦) ના પ્રારંભિક દાયકાઓમાં સમાજજીવનમાં અજ્ઞાન અને અંધશ્રધ્ધાઓ પહેલાંની જેમ જ વ્યાપક હતાં, પરંતુ આ સમય દરમ્યાન થયેલી કાનૂની જોગવાઇઓ, સમાજસુધારાની પ્રબળ હિલચાલો વગેરેને લીધે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના પ્રારંભિક દાયકાઓમાં ગુજરાતમાં અંગ્રેજી કેળવણીનો વિસ્તાર ઝડપથી વધવા લાગ્યો અને પશ્ચિમના શિક્ષણ અને સંસ્કારો હેઠળ ઘડાયેલો એક નાનો છતાં પ્રબળ વર્ગ ઊભો થયો. લોકોનાં ચક્ષુ નવીન જ્ઞાનથી ચમકવા લાગ્યાં, અને જૂનાનવાની રસાકસી ચાલી. ગુજરાતના સદીઓથી જકડાઇ ગયેલા સામાજિક-ધાર્મિક જીવનમાં નવો પ્રાણ ફૂંકાયો. અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરનાર વ્યકિતને પોતાના સમાજ, ધર્મ આદિને મૂલવવાનાં નવાં પરિમાણો મળ્યાં. પ્રજાનું ધાર્મિક જીવન ક્રમશઃ પરિશુધ્ધ બનતું ગયું. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા પણ વેગવંતી બની.

આમ, અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં કેળવણી એક બાજુ પરિવર્તનનું પ્રેરક બળ બનીને બહાર આવી રહી હતી, તો બીજી તરફ પરિવર્તિત પર્યાવરણે કેળવણીના વિકાસ માટેની સાનુકૂળ ભૂમિકા બાંધવા માંડી હતી. અધ્યેયકાલના અંત સુધી આ પ્રક્રિયા ઉત્તરોત્તર વેગવંતી બની હતી.

ગામઠી શિક્ષણવ્યવસ્થા : ગામઠી શિક્ષણ વ્યવસ્થા સૂચવવા નવલરામે 'વ્યવહારી કેળવણી' અને વાણિયાઇ ભણતર એવા શબ્દપ્રયોગોનો ઉપયોગ કર્યો છે, 'વ્યવહારી કેળવણી' એવો શબ્દપ્રયોગ બ્રિટિશ શાસન પહેલાંની ગામઠી શિક્ષણવ્યવસ્થાની ઉચ્ચ સ્થિતિનો ધોતક છે. બ્રિટિશ શાસન વ્યવસ્થાના આરંભ સમયે તો આ કેળવણી 'ગાંધીના વ્યવહારમાં જ ઉપયોગી થઇ પડે એવી થઇ રહી હોવાથી' નવલરામ ઉચિત રીતે જ એને 'વાણિયાઇ ભણતર' કહે છે. ગામઠી શિક્ષણની આ સંસ્થાઓનો ઉલ્લેખ "ધૂળી નિશાળો" તરીકે પણ થયો છે, ધૂળના વ્યાપક ઉપયોગને લીધે આ નિશાળો "ધૂળી શાળાઓ" તરીકે ઓળખાતી. કેટલેક સ્થળે આ શાળાઓ "પંડયાની નિશાળો" તરીકે પણ ઓળખાતી હોવાના નિર્દેશો પ્રાપ્ત થાય છે.

રાય અને રંક માટે ઉપકારક, લેખન, વાચન, ગણન, નીતિબોધ આદિથી બનેલા અભ્યાસક્રમ વડે ઓપતી અને વિધ્વાન પંડિતો વડે સંચાલિત શિક્ષણની આ ઉત્તમ પરંપરામાં કાળાંતરે અનેક વિકૃતિઓએ પ્રવેશ કર્યો. અને અંગ્રેજી શાસનના પ્રારંભકાળે પ્રસ્તુત શિક્ષણપ્રથા છેક હલકી કક્ષાએ પહોંચી ગઇ, નિઃસત્વ અને એક-માર્ગી બની ગઇ, અને ઓગણીસમી સદીમાં વિકસેલી નવી બ્રિટિશ શિક્ષણપ્રથાએ તેને મૃતઃપ્રાય બનાવી દીધી.

આમ, બ્રિટિશ રાજય અમલ દરમ્યાન ગામઠી શિક્ષણવ્યવસ્થામાં મોટું ગાબડું પડયું. પરંતુ તે સાવ નિર્મૂળ તો નહોતી થઇ. એક યા બીજા સ્વરૂપે તે વધતે ઓછે અંશે સમગ્ર બ્રિટિશઅમલ દરમ્યાન વિધમાન રહી. આગળ જતાં તેણે બ્રિટિશ પધ્ધતિની ઔપચારિક કેળવણીની પ્રારંભિક વ્યવસ્થાનું સ્વરૂપ ધારણ કર્યું. આમ છતાં, તેની લોકપ્રિયતા ક્રમશઃ ઘટતી જતી હતી, અને ગામઠી શાળાના શિક્ષકોની પ્રતિષ્ઠા પણ સમાજમાં ઉતરતી જતી હતી.

બ્રિટિશઅમલ દરમ્યાન ગુજરાતના ખૂણે ખૂણે આવી શાળાઓ જોવા મળતી, તેમ જ શિક્ષણના ઉદ્દેશો, અભ્યાસક્રમ, સાધનસુવિધાઓ, શિક્ષણપધ્ધતિઓ વગેરેની દૃષ્ટિએ આ સંસ્થાઓમાં ઘણી એકરૂપતા હતી. નીચે તેનો સંક્ષિપ્ત નિર્દેશ કર્યો છે.

(૧) ઉદ્દેશ : ગામઠી શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વૈશ્ય બાળકોની ભાવિ જરૂરિયાત સંતોષવાનો હતો. પાયાનાં લેખન, ગણન અને વાચન કૌશલ્યોની ખિલવણી સિવાય તેનું અન્ય કોઇ લક્ષ્ય ન હતું.

(૨) <u>પ્રવેશવય</u> : ગામઠી શાળામાં પાંચ વર્ષથી માંડીને ૮-૧૦ વર્ષની વય સુધી પ્રવેશ આપવામાં આવતો હોવાનું જાણવા મળે છે. અપવાદરૂપ કિસ્સાઓમાં પાંચ કરતાં ય ઓછી અને ૮-૧૦ કરતાં ય વધારે વર્ષની ઉંમરે બાળકો ગામઠી શાળામાં પ્રવેશ કરતાં હોવાનો સંભવ છે. આથી એમ કહી શકાય કે ગામઠી શાળામાં પ્રવેશવય અંગે કોઈ મુકરર ધોરણો ન હતાં. પરંતુ સામાન્ય રીતે પાંચ વર્ષની ઉંમરે બહુજનસમાજની દૃષ્ટિએ ગામઠી શાળામાં પ્રવેશ માટેની યોગ્ય ઉંમર ગણાતી, એવું પ્રાપ્ત પ્રમાણોને આધારે કહી શકાય.

(૩) <u>અભ્યાસક્રમ</u> : ગામઠી શિક્ષણપ્રથામાં નિશ્ચિત [illegible] કાલમર્યાદા ધરાવતો, સુયોજિત શ્રેણીબદ્ધ શિક્ષણક્રમ ન હતો. 'બાળકને આવડી ગયું છે' એવી પ્રતીતિ શિક્ષકને થાય એટલે તેનું શિક્ષણ સમાપ્ત થતું, ફલતઃ વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે અભ્યાસક્રમની અવધિને લગતા તફાવતો રહેતા.

અભ્યાસક્રમમાં આંક, આંકના પલાખાં, મોઢાના હિસાબ, કક્કો, બારાક્ષરી, વાચન આદિનો સમાવેશ થતો હતો. બાળકની પ્રકૃતિની સમજ સિવાય ઉપરથી લાદવામાં આવતો ગોખણપટ્ટી પર નભતો ગામઠી શાળાઓનો અભ્યાસક્રમ વધુ બોજારૂપ હતો એમ કહી શકાય. પરંપરાપ્રિયતા કે સ્થિતિચુસ્તતા ગામઠી શાળાઓના અભ્યાસક્રમની મુખ્ય નબળાઈ હતી.

(૪) <u>શિક્ષણપધ્ધતિ</u> : ગામઠી શાળાઓની શિક્ષણપધ્ધતિને લગતી નીચે જેવી કેટલીક હકીકતો જાણવા મળે છે :

(૧) બારાક્ષરી, આંક, નામું, પત્ર આદિ બધું જ મોટે ભાગે મુખપાઠથી શીખવાતું. આવો મુખપાઠ તો કયારેક અર્થહીન ગોખણપટ્ટીમાં સરી પડતો. બાળકના મગજમાં ઠાંસી ઠાંસીને વિગતો ભરવા પર જ વધારે ધ્યાન અપાતું.

(૨) બાળકની વય, કક્ષા, રુચિ, ગ્રહણશીલતા આદિ લક્ષમાં લેવાતાં નહિ. આનું કારણ ગામઠી શાળાઓના મહેતાજીઓનું બાલમાનસ અંગેનું અજ્ઞાન અને શિક્ષણ વિશેના કેટલાક ખોટા ખ્યાલો હોય એમ જણાય છે.

(૩) લેખનશિક્ષણ માટે લાકડાની પાટી પર ધૂળ, ભીની માટી, ખડી રંગો વગેરેનો લેપ કરી અક્ષરોઅંકો ઘૂંટાવવાની પધ્ધતિ અસ્તિત્વમાં હતી.

(૪) મોટા વિદ્યાર્થીઓની નાના નવાગંતુકોને શીખવવામાં સહાય લેવામાં આવતી.

(૫) મંદ બાળકો માટે સોટીનો ઉપયોગ સામાન્ય હતો.

(૬) શૈક્ષિણિક કાર્ય માટે સાધનોનો ઉપયોગ થતો ન હતો.

(૫) શિક્ષકો તેમની યોગ્યતા અને પ્રાપ્તિ : શાળાઓ મુખ્યત્વે બ્રાહ્મણો ચલાવતા. પરંતુ આવું શિક્ષણકાર્ય સ્વીકારતા બ્રાહ્મણો ભાગ્યે જ વિદ્વાન હતા. વસ્તુતઃ આ શિક્ષકો માટે વિદ્વત્તાની ઝાઝી જરૂર રહેતી નહીં. અન્ય ધંધાઓમાં નિષ્ફળ જનારા બ્રાહ્મણો બહુધા આજીવિકા માટે શાળાઓ ચલાવતા. મહેતાજીને શિક્ષણશુલ્ક રોકડ રકમમાં નહીં, પરંતુ વારતહેવારે બાળકોના વાલીઓ તરફથી સીધારૂપે મળતું. ટૂંકમાં અનાજપાણી, સીધુસામાન, રોકડ દક્ષિણા આદિ મહેતાજીઓને અધ્યાપન પુરસ્કાર રૂપે મળતાં. આમ મહેતાજીઓની આવક અનિશ્ચિત હતી. પરંતુ એ ઉદરનિર્વાહ માટે પૂરતી હતી, એવા અનુમાન પર સહેલાઈથી આવી શકાય.

(૬) સજાઓ અને તદ્જનિત પ્રત્યાઘાતો : ગામઠી શાળાઓમાં શારીરિક શિક્ષા વ્યાપક પ્રમાણમાં થતી. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના સ્વીકારનો પ્રશ્ન જ ગામઠી શાળાઓના મહેતાજીઓ સમક્ષ ઊભો થયો ન હતો. ધાકધમકી તેમજ ગભરાટનું વાતાવરણ પ્રવર્તતું. વિદ્યાર્થીઓને ઠીક ઠીક પ્રમાણમાં સોટી સહન કરવી પડતી.

ગુજરાતમાં બ્રિટિશ કેળવણીનો પ્રારંભ અને પ્રારંભિક અવરોધો : ગુજરાતમાં બ્રિટિશ શાસનવ્યવસ્થાનો પ્રારંભ થયા પછી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું નિર્માણ પ્રથમ પચ્ચીસીમાં થતાં જ વહીવટીકામો માટે કર્મચારીગણ દેશીજનોમાંથી ઊભો કરવાના આશયે, તે વખતના ઈંગ્લૅંડમાં ચાલતા ધોરણને અનુસરીને ગુજરાતમાં કેળવણી આપવાનું કામ શરૂ કરવામાં આવ્યું હોય, એમ જણાય છે. આવી નવા પ્રકારની નિશાળોનો પરંપરાગત ગામઠી નિશાળોથી ટેવાયેલા જનસમાજ દ્વારા પ્રારંભમાં વિરોધ થતો. એ માટે નીચેનાં કારણો જવાબદાર જણાય છે.

૧. નવી પદ્ધતિ ગામઠી મહેતાજીઓ માટે આફતરૂપ હતી એટલે તેઓ એનો વિરોધ કરતા.

૨. તત્કાલીન જનમાનસ અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી ભરપૂર હતું અને વૈજ્ઞાનિક સત્યો ઉપર રચાયેલા નવા જ્ઞાનને ઝડપથી અનુકૂળ થાય તેમ નહોતું.

૩. અંગ્રેજી સરકારે હિંદુઓને વટલાવી ધર્મભ્રષ્ટ કરવા માટે શાળાઓ શરૂ કરી છે, એવી એક માન્યતા પણ લોકમાનસમાં વ્યાપક બનતી જતી હતી.

૪. લોકો જ્ઞાન પ્રાપ્ત કરી હોશિયાર થઈ જાય તો આડમાર્ગે થતી પોતાની આવક ઓછી થઈ જાય, એવી ભીતિ સેવતા તલાટીઓ તેમજ રેવન્યુખાતાના કર્મચારીઓ નવી કેળવણીના વિકાસ પરત્વે પ્રારંભમાં અસહકારી હતા.

<u>શિક્ષણ પ્રશાસનની નવી વ્યવસ્થાની માંડણી</u> : નવી શિક્ષણપ્રથાની શરૂઆત થતાં તેના સંચાલનને માટે શૈક્ષણિક પ્રશાસન વ્યવસ્થાનું નવેસરથી નિર્માણ થયું. ઇ.સ. ૧૮૨૦થી ૧૮૪૦ સુધી મુંબઇ પ્રાંતના ગુજરાત સહિતના તમામ વિભાગોના શિક્ષણનાં પ્રશાસકીય કાર્યોની જવાબદારી મુખ્યત્વે 'બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કૂલ બુક સોસાયટી'ને શિરે રહી. સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ કેળવણીપ્રસારનો હતો. એની ત્રિવિધ કામગીરી હતી : (૧) શાળા-સ્થાપન, (૨) પાઠ્યપુસ્તકો અને શિક્ષણ સાધનોનું નિર્માણ તથા (૩) શિક્ષકતાલીમ.

સોસાયટીએ પ્રારંભથી જ સુયોજિત ક્રમિક વિકાસ દર્શાવતો અભ્યાસક્રમ તૈયાર કરી તેના સફલ અમલીકરણ માટેનાં સાધનો, પુસ્તકો વગેરે પણ શાળાઓને પૂરાં પાડયાં.

પ્રારંભમાં કેળવણીનો કારોબાર ન્યાયતંત્ર સાથે સંકળાયેલો હતો. બોર્ડ ઓફ એજ્યુકેશનની રચના (ઇ.સ. ૧૮૪૦) થી કેળવણીનો કારોબાર ન્યાયતંત્રથી છૂટો પડયો. નિશાળોના નિરીક્ષણ માટે ઇ.સ. ૧૮૪૨માં બોર્ડ ઓફ એજ્યુકેશનને જવાબદાર એવો એક સ્વતંત્ર અધિકારીની નિમણૂક થઇ. બોર્ડે પોતાના દાયિત્વોના નિભાવ માટે જે કામગીરી ઉપાડી તેમાં (૧) શિક્ષણ વિસ્તરણ અને વિકાસ, (૨) પુસ્તક પ્રકાશન અને (૩) શિક્ષક તાલીમ મુખ્ય ગણાય.

શિક્ષણની વધતી જતી માગ સંતોષવા બોર્ડે ત્રણ મહત્ત્વનાં પગલાં લીધાં : (૧) કેળવણીના વિસ્તરણમાં સ્થાનિક લોકફાળાનું તત્ત્વ દાખલ કર્યું, (૨) વિદ્યાર્થીઓ

પાસેથીલેવાનું નિશ્ચિત ધોરણ ઠરાવ્યું અને (૩) પાઠયપુસ્તક પ્રકાશનમાં ખાનગી સાહસનો સ્વીકાર કર્યો.

કેળવણી ખાતાની રચના અને વિકાસ(ઇ.સ.૧૮૫૪ થી ઇ.સ.૧૯૨૦): ૧૮૫૪ના વૂડના ખરીતાએ અર્વાચીન ભારતીય કેળવણીની ઇમારતનો શિલાન્યાસ કર્યો. ત્યાર પછીની ભારતીય કેળવણીના ઇતિહાસની ઘટનાઓ બહુધા ઉકત ખરીતામાં કંડારાયેલી રીતિનીતિની નિષ્પત્તિ છે, એમ કહી શકાય.

આ ખરીતા દ્વારા સહુ પ્રથમવાર ભારત સરકારની શિક્ષણનીતિની સ્પષ્ટતા કરવામાં આવી, કેળવણીનું વર્તમાન માળખું રચાયું, કેળવણીમાં નિરીક્ષણ, નિયંત્રણ તથા માર્ગદર્શન માટેનું વહીવટી તંત્ર ઊભું થયું, અનુદાનની પદ્ધતિ દ્વારા બિનસરકારી સાહસનો શિક્ષણના વિકાસમાં સહયોગ પ્રાપ્ત કરવાની વ્યવસ્થિત યોજના ઘડાઇ, યુનિવર્સિટીઓની સ્થાપના દ્વારા ઉચ્ચતર શિક્ષણનો પ્રબંધ કરવાની ઉદ્‌ઘોષણા થઇ અને શિક્ષક પ્રશિક્ષણ અંગે કાયમી સંસ્થાઓ ઊભી કરવાની આવશ્યકતા પર પણ ભાર મૂકાયો.

અધ્યેયકાલ (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાન આમ, એક તરફ બ્રિટિશ કેળવણીની યોજના બદ્ધ વિકાસ અને વિસ્તરણ થઇ રહ્યાં હતાં, ત્યારે બીજી તરફ ગામઠી શિક્ષણપ્રથા સરકાર તેમ જ પ્રજાના સંપૂર્ણ દુર્લક્ષને લીધે ઘસાતી જતી હતી.

કેળવણીનો અર્થ : અધ્યેયકાલ દરમ્યાન 'કેળવણી' શબ્દનાં અનેક અર્થઘટનો થયેલાં જોવા મળે છે. કેટલાક વિચારકોએ વ્યક્તિત્વવિકાસના એકાદ પાસા પર ભાર મૂકી તેનો મર્યાદિત અર્થ ઘટાવ્યો છે, તો કેટલાકે વિશાળ પરિપ્રેક્ષમાં એનું અર્થઘટન કર્યું છે. ચરિતસાહિત્યમાં 'કેળવણી'નાં નીચે જેવાં અર્થઘટનો પ્રતિબિંબિત થયાં છે.

-- કેળવણી એટલે માનસિક અને બૌદ્ધિક વિકાસ
-- કેળવણી એટલે માનસિક વિકાસ જ નહીં, પરંતુ ઇંદ્રિયો અને હાથપગની તાલીમ
-- કેળવણી એટલે ચારિત્ર્યઘડતર
-- કેળવણી એટલે અંતર્નિહિત બીજભૂત શક્તિઓનો વિકાસ
-- કેળવણી એટલે માનવતાની ખિલવણી વગેરે.

બ્રિટિશ પદ્ધતિની નવી કેળવણીમાં કેળવણીનો ઘણો સંકુચિત અર્થ ઘટાવવામાં

આવ્યો હતો, એમ દર્શાવતા કેટલાક નિર્દેશો પણ ચરિત્રસાહિત્યમાંથી મળે છે. એને કેટલાક ચરિતનાયકોએ અને ચરિતનિરૂપકોએ માત્ર માનસિક શકિતઓનો વિકાસ સાધતી 'કારકુનિયા કેળવણી' ગણી છે.

કેળવણીમાં શિક્ષકનું સ્થાન : સમગ્ર શિક્ષણવ્યવસ્થામાં શિક્ષકની જવાબદારી અનેકગણી છે. એણે માત્ર માહિતી આપીને જ બેસી રહેવાનું નથી, પરંતુ માળીની જેમ બાળકની સર્વ શકિતઓ પારખી તેની માવજત કરવાની છે. તેના વિકાસ માટે સાનુકૂળ શિક્ષણાનુભવો પૂરા પાડવાના છે એવાં કેટલાંક પ્રતિપાદનો પણ ચરિત્ર-સાહિત્યમાંથી મળે છે.

કેળવણીના ઉદ્દેશો : ભારતમાં બ્રિટિશ કેળવણીનો ઉપયોગ એક રાજદ્વારી યુકિત કે કરામત તરીકે થયો હતો. કુમળી વયનાં બાળકોના મનમાં બ્રિટિશ તાજ પ્રત્યે વફાદારી કેળવાય, એવા સંસ્કારો ઠાંસીઠાંસીને ભરવામાં આવતા. બ્રિટિશ શિક્ષણ-પ્રથાનો પ્રમુખ ઉદ્દેશ રાજવહીવટના કાર્યમાં ઉપયોગી નીવડે એવો શાસકો અને શાસિતો વચ્ચેનો 'મધ્યસ્થી' વર્ગ ઊભો કરવા પૂરતો મર્યાદિત હતો. વખત જતાં બ્રિટિશ શિક્ષણપ્રથાની નોકરીલક્ષિતા, ધર્મવિમુખતા, માહિતીકેન્દ્રીયતા, પશ્ચિમપ્રિયતા વગેરે જેવી ત્રૂટિઓ છતી થવા લાગી. અને કેળવણીના ઉદ્દેશો કેવા હોવા ઘટે એ દિશામાં વિચારણા થવા લાગી. અધ્યેયકાલ દરમ્યાન કેળવણીના ઉદ્દેશોને વ્યાપક રીતે અવલોકવાની પ્રક્રિયા શરૂ થઇ ચૂકી હતી. કેળવણીના નીચે જેવા ઉદ્દેશો ચરિત્રસાહિત્યમાંથી નિષ્પન્ન થાય છે :

-- કેળવણીએ વિદ્યાર્થીઓની માનસિક શકિતઓનો વિકાસ સાધવો જોઇએ,
-- કેળવણી દ્વારા આજીવિકા પ્રાપ્ત કરવાની ક્ષમતાનો વિકાસ થવો જોઇએ,
-- કેળવણીએ વિદ્યાર્થીઓના ચારિત્ર્યનો વિકાસ સાધવો ઘટે,
-- કેળવણીએ વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ સાધવો જોઇએ,
-- કેળવણીએ સામાજિક - સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ કરવું જોઇએ.

કેળવણીની યોજનાઓ : સમયના વહેણ સાથે બ્રિટિશ શિક્ષણપ્રથાનું સાચું પોત બહાર આવતું ગયું, તેના ઉદ્દેશોની સંકુચિતતા વિચારકોને ખટકવા લાગી અને કેળવણીના ઉદ્દેશો શા હોવા જોઇએ તેમ જ એ ઉદ્દેશોની સિદ્ધિ માટેની શિક્ષણ

યોજનાઓ કેવી હોવી જોઈએ, એ દિશામાં વિચારણા થવા લાગી. ઓગણીસમી સદીના છેલ્લા દાયકાઓમાં બે ગુજરાતી શિક્ષણકારોએ-સાક્ષર શ્રી નવલરામ પંડયા અને પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરે - ચીલાચાલુ શિક્ષણપ્રથાથી જુદી પડતી શિક્ષણયોજનાઓ વિચારેલી. નવલરામે ચિંતવેલી 'ચતુર્વર્ગ શિક્ષણયોજના'માં વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ પર અને સામાજિક ભેદભાવોની નાબૂદી પર ભાર મૂકાયો હતો. એમની યોજના ભાવનાપ્રેરિત અને ઉદાત્ત હતી, છતાં એમાં વ્યાવહારિકતાના વરા ઘણા ઓછા હતા. પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરની યોજના વિશેષત: ધંધાદારી શિક્ષણને લગતી હતી. એમાં પ્રાથમિક શિક્ષણસ્તરથી માંડી ઉચ્ચ શિક્ષણસ્તર સુધીની વિવિધ શિક્ષણ-કક્ષાએ ધંધાદારી શિક્ષણના પ્રબંધની જોગવાઈઓ સૂચવાઈ હતી. દેશમાં હુન્નરઉદ્યોગોની વૈજ્ઞાનિક પદ્ધતિએ ખિલવણી કરવાનો આશય એની પાછળ હતો. એ યોજનાનો વ્યાપક સ્વીકાર અને સહૃદય અમલ થયો હોત, તો શિક્ષિત બેકારીના દૈત્યને નાથી શકાયો હોત.

કેળવણીના અર્થ, ઉદ્દેશો, યોજનાઓ વગેરે અંગે ગુજરાતમાં ઉપર્યુક્ત વિચારો પ્રચલિત થયા હતા.

નવી પ્રાથમિક શાળાઓ : મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી (૧૮૨૦-૧૮૪૦) અને કેળવણી બોર્ડ (૧૮૪૦-૧૮૫૪) દ્વારા પ્રારંભમાં દેશીજનોના શિક્ષણ માટે શરૂ કરવામાં આવેલી શાળાઓ, આજની પ્રાથમિક - માધ્યમિક શાળાઓ કરતાં જુદા સ્વરૂપની હતી. એ શાળાઓનો મુખ્ય ઉદ્દેશ દેશીજનોમાં પશ્ચિમના વિજ્ઞાન અને સાહિત્યનો પ્રસાર કરવાનો હતો. આમ કરવામાં જે શાળાઓ અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતી, તે શાળાઓ 'અંગ્રેજી નિશાળો' તરીકે ઓળખાતી અને જે શાળાઓમાં અર્વાચીન ભારતીય ભાષાનો ઉપયોગ થતો તે 'દેશી નિશાળો' તરીકે ઓળખાતી. કેળવણીખાતાની રચના પછી 'દેશી નિશાળો' કે વર્નાક્યુલર સ્કૂલોને મુખ્યત્વે અંગ્રેજી શાળાઓમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની 'હળવી' કામગીરી સોંપવામાં આવી. આ 'દેશી નિશાળો'ના ચાર વર્ષના અભ્યાસક્રમને ૧૮૬૭-૬૮માં પાંચ વર્ષનો, ૧૮૭૦-૭૧માં છ વર્ષનો અને ૧૯૦૧-૧૯૦૨માં સાત વર્ષનો બનાવવામાં આવ્યો.

માધ્યમિક શાળાનું સંઘટિત માળખું : માધ્યમિક શિક્ષણનું એક સંઘટિત માળખું ઉપસાવવા ઈ.સ. ૧૮૫૯માં મુંબઈ વિશ્વવિદ્યાલયે તેની મેટ્રીક્યુલેશનની પરીક્ષા લેવાના પગલા દ્વારા

પ્રયાસ કર્યો, અને એ પરીક્ષાના પ્રારંભથી જ માધ્યમિક શિક્ષણની અંતિમ મર્યાદા નક્કી થઈ. તેમ જ આ શાળાઓના અભ્યાસક્રમને નિશ્ચિત સંખ્યાના ધોરણોમાં વિભાજિત કરવામાં આવ્યો. ઈ.સ.૧૮૭૦-૭૧માં માધ્યમિક શાળાઓના છ વર્ષના ગાળામાં એક વર્ષનો ઉમેરો કરી એ શિક્ષણક્રમને સાત વર્ષનો બનાવાયો. એ પૈકી ધોરણ ૧ - ૩ મિડલ સ્કૂલ - ધોરણો અને ધોરણ ૪ - ૭ હાઈસ્કૂલ ધોરણો તરીકે ગણાવા લાગ્યાં. આ વ્યવસ્થા છેક સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી યથાવત્ ટકી રહી.

નવી ઉપસેલી શિક્ષણની પરિભાષા : અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં (૧૮૭૧-૧૯૨૦)માં સામાન્ય શિક્ષણના ઉપર્યુકત બાહ્ય માળખામાં કોઈ મૂળભૂત ફેરફારો થયા ન હતા. પરંતુ એના માટે વપરાતા કેટલાક પારિભાષિક શબ્દોમાં થોડા ફેરફારો થવા પામ્યા હતા. ઈ.સ.૧૮૮૨ના ભારતીય શિક્ષણપંચે 'પ્રાથમિક' અને 'માધ્યમિક' એવી સંજ્ઞાઓ પ્રચલિત કરી. ફલત: 'વર્નાકયુલર સ્કૂલ્સ' અને 'વર્નાકયુલર એજ્યુકેશન' અનુક્રમે પ્રાથમિક શાળાઓ અને પ્રાથમિક શિક્ષણ તરીકે ઓળખાતાં થયાં એજ રીતે અંગ્રેજી શાળાઓ અને અંગ્રેજી શિક્ષણ માટે હવે અનુક્રમે 'માધ્યમિક શાળાઓ' અને 'માધ્યમિક શિક્ષણ' શબ્દપ્રયોગો પ્રચલિત થયા.

સામાન્ય શિક્ષણની કંડારાયેલી તરાહ : મેટ્રીકયુલેશન પછીનો સ્નાતક કક્ષા સુધીનો શિક્ષણક્રમ પ્રારંભના થોડા કાલનો અપવાદ બાદ કરતાં ચાર વર્ષનો હતો. આ રીતે સ્નાતક કક્ષા સુધી, ૭-૪-૪ અથવા ૪-૩-૪-૪ મળીને કુલ ૧૫ વર્ષની સામાન્ય શિક્ષણની તરાહ અધ્યેયકાલ દરમ્યાન વિકસવા પામી હતી.

મેટ્રીકયુલેશનની પરીક્ષા સુધીનો શિક્ષણક્રમ સામાન્ય રીતે ૧૧ વર્ષનો હોવા છતાં દરેક વિદ્યાર્થીને એ શિક્ષણક્રમમાંથી પસાર થતાં ૧૧ વર્ષ જ લાગે એવું ન હતું. વિશેષત: મેધાવી વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક અને માધ્યમિક ઉભય સ્તરે એક જ વર્ષમાં બે કે તેથી વધારે શ્રેણીઓનો શિક્ષણક્રમ પૂરો કરવાનો અવકાશ નવી શિક્ષણ-પ્રથામાં પ્રારંભથી જ રાખવામાં આવ્યો હતો.

શિક્ષણક્રમ : પ્રાથમિક શિક્ષણસ્તરે શિક્ષણક્રમ અને પાઠયપુસ્તકોના સંદર્ભમાં એમ તારવી શકાય કે સ્વરવ્યંજનો, બારાક્ષરી અને સાત અક્ષરોવાળા શબ્દોનો અભ્યાસ પૂર્ણ થતાં પુસ્તકવાચન શરૂ કરવામાં આવતું અને બાળકો સામાન્ય રીતે પ્રારંભિક બે વર્ષ દરમ્યાન સારી એવી વાચનક્ષમતા પ્રાપ્ત કરી લેતાં. ગણિતના શિક્ષણક્રમમાં પૂર્ણાંક,

અપૂર્ણાંક, વર્ગમૂળ, ઘનમૂળ, ઇષ્ટરાશી વગેરેનો સમાવેશ થતો હતો. તદુપરાંત ત્રિકોણમિતિ, ક્ષેત્રફળ, ઘનફળ, કર્તવ્યભૂમિતિ જેવા વિષયો પણ આવરી લેવામાં આવ્યા હતા.

આમ તો કેળવણીખાતાની રચના થતા સુધી પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓ વચ્ચેના શિક્ષણક્રમમાં કોઇ મહત્ત્વનો તફાવત ન હતો છતાંય એટલું તો કહી શકાય કે પ્રાથમિક શાળાઓ માટેનો શિક્ષણક્રમ ઉચ્ચ કક્ષાનો રહયો હતો.

ભૂગોળ જેવા વૈજ્ઞાનિક વિષયને પણ પ્રારંભથી જ અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું હતું. ઇતિહાસનો સમાવેશ પણ ઉકત શિક્ષણક્રમમાં થઇ જતો. અલબત્ત, એમાં શારીરિક શિક્ષણ, ચિત્રકલા વગેરે જેવા મહત્ત્વપૂર્ણ વિષયોને સ્થાન પ્રાપ્ત થયું ન હતું.

ઉપર્યુકત શિક્ષણક્રમમાં નોંધનીય ફેરફાર સૌ પ્રથમ ઇ.સ. ૧૮૫૮-૫૯માં થયો. ૧૮૫૪માં કેળવણીખાતાની રચના થઇ અને એ ખાતાના અધિકારીઓને અનુભવી નિષ્ણાતોપાસે તૈયાર કરાવેલાં ક્રમિક વિકાસ પામતા શિક્ષણક્રમને આવરી લેતાં પાઠયપુસ્તકો વિદ્યાર્થીઓના હાથમાં મૂકવાની તીવ્ર આવશ્યકતાની પ્રતીતિ થઇ. વિશેષત: માતૃભાષાના શિક્ષણક્રમનું પુનર્નિર્માણ એમને ખૂબ આવશ્યક જણાયું તદર્થે ઇ.સ. ૧૮૫૮માં સરકાર તરફથી 'પુસ્તક સમિતિ'ની રચના કરવામાં આવી. અને ઇ.સ. ૧૮૫૮-૫૯ના વર્ષમાં વાચનમાળાઓ તૈયાર થતાં, નિશાળોમાં ચાલતી કેટલીક જૂની ચોપડીઓ અમુક દૂષણોને લીધે રદ કરવામાં આવી.

આમ, અનેક મર્યાદાઓ હોવા છતાંય પ્રાથમિક શાળાઓને ક્રમિક વિકાસ પામતો સુઆયોજિત શિક્ષણક્રમ હતો, અને એ માટે મુકરર પાઠયપુસ્તકો પણ હતાં. અલબત્ત, અધ્યેયકાલ દરમ્યાન આ શિક્ષણક્રમ બહુધા વિષયકેન્દ્રી હતો અને બાળકોનો સર્વાંગીણ વિકાસ સાધે એ દૃષ્ટિએ તેનું આયોજન થયું ન હતું. એનાથી સમાજનો વિદ્વાનવર્ગ અસંતુષ્ટ હતો, અને એની ટીકાઓ પણ કરતો. પરંતુ ગામઠી શાળાઓના પૂર્વદર્શિત શિક્ષણક્રમ સાથે મૂલવતાં તે અનેક દૃષ્ટિએ ચડિયાતો હતો એમ કહી શકાય.

કેળવણી-ખાતાની રચના થતા સુધી 'વર્નેકયુલર શાળાઓ' અને 'અંગ્રેજી નિશાળો'ના શિક્ષણક્રમ વચ્ચે બોધભાષાના અપવાદને બાદ કરતાં કોઇ તાત્ત્વિક ભેદ ન હતો, એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. અંગ્રેજી નિશાળોનો પ્રારંભિક શિક્ષણક્રમ

ઉચ્ચ કક્ષાનો હતો, એમ ચરિતસાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં પ્રમાણોના આધારે કહી શકાય. કેળવણીખાતાની રચના પછી માધ્યમિક કક્ષાના શિક્ષણક્રમમાં ગણિતશાસ્ત્રના શિક્ષણક્રમને સરળ બનાવાયો અને અંગ્રેજીને ઉત્તરોત્તર એમાં મહત્ત્વનું સ્થાન અપાયું. આગળ જતાં સંસ્કૃત, ફારસી જેવી પ્રશિષ્ટ ભાષાઓને પણ એમાં સ્થાન મળ્યું. આમ છતાં માતૃભાષાની એ શિક્ષણક્રમમાં અર્વાચીનકાલના અંત સુધી ઉપેક્ષા જ થઈ. અર્વાચીનકાલના અંતિમ દાયકાઓમાં શારીરિક શિક્ષણ ચિત્રકલા વગેરે વિષયોને પણ એમાં સ્થાન પ્રાપ્ત થયું હતું.

ઉચ્ચ કેળવણીનો શિક્ષણક્રમ એકંદરે ચાર વર્ષનો હતો અને એમાં ઘણા વિષયોનો સમાવેશ થતો હતો. વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય આદિનું સંમિશ્રિત શિક્ષણ ત્યારે અપાતું અને વિવિધ વિદ્યાશાખાઓના શિક્ષણક્રમ વચ્ચે ચુસ્ત ભેદરેખાઓ દોરાઈ ન હતી.

મુંબઈ વિશ્વવિદ્યાલયની સ્થાપના પહેલાં કંડારાયેલા ઉચ્ચશિક્ષણના પાઠ્યક્રમની એક વિશિષ્ટતા એ હતી કે તેની વહેંચણી આજની જેમ ચાર વર્ષના નિયતકાલમાં થઈ ન હતી. પરંતુ ચાર કક્ષાની શિષ્યવૃત્તિઓના વર્ગોમાં થઈ હતી. તેમજ દરેક વિદ્યાર્થી માટે અમુક કક્ષાના વર્ગોમાં નિશ્ચિતકાલ પસાર કરવો જરૂરી ન હતો. વર્ષમાં બે વખત લેવાતી વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિ- પરીક્ષા આપી એમાં સફળતા પ્રાપ્ત કરતાં તે ઉપલા વર્ગમાં બઠતીને પાત્ર ગણાતો.

તત્પશ્ચાત્ ઘડાયેલા શિક્ષણક્રમમાં સ્નાતક કક્ષાએ ઐચ્છિક વિષયો લેવાની પરિપાટી સ્થપાઈ ચૂકી હતી. પરંતુ એક સમયે એક મુખ્ય અને એક ગૌણ એમ બે વિષયોને બદલે વધારે વિષયો પસંદ કરવાના હતા. તેમજ ઇન્ટર સુધીનો એટલે કે કોલેજના પ્રથમ બે વર્ષનો અભ્યાસક્રમ બધા વિદ્યાર્થીઓ માટે સરખો જ હતો. ઇન્ટરની પરીક્ષા પસાર કર્યા પછી વિદ્યાર્થીઓ બી.એ. કે બી.એસસી.ના શિક્ષણક્રમમાં પોતાની રૂચિ અને અનુકૂળતા અનુસાર જોડાતા.

શિક્ષણ-પદ્ધતિઓ :-

શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોના સંદર્ભમાં એમ કહી શકાય, કે અત્યારે વ્યાપક સ્વીકૃતિ પામેલા બાલકેન્દ્રી શિક્ષણ-અભિગમનો વૈચારિક, પ્રાદુર્ભાવ ગુજરાતમાં કંઈક અંશે અર્વાચીનકાલ દરમ્યાન જ થઈ ચૂકયો હતો. વિદ્યાર્થીઓના વ્યકિતત્વના સ્વીકારની એક નવી દિશા એમાં ઉઘડતી જણાય છે.

અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વિશે બે મુખ્ય વિચારપ્રવાહો વહેતા હોય એમ જણાય છે.

(૧) પરંપરાગત કે પ્રણાલિકાગત શિક્ષણ પદ્ધતિઓનું સમર્થન કરતો વિચારપ્રવાહ અને

(૨) નૂતન બાલકેન્દ્રી અભિગમ ધરાવતાં શિક્ષણ પદ્ધતિઓ અને વ્યવહારોનું સમર્થન કરતો વિચારપ્રવાહ.

અધ્યેયકાલ દરમિયાન પ્રાથમિક શિક્ષણ કક્ષાએ પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં ઉકત બંને વિચારસરણીઓની અસર જોવા મળે છે. શિક્ષકોમાં શિક્ષણ-સાધનોની ઉપયોગિતા વિશેની જાગૃતિ પણ વધતી જતી જણાય છે. સંભવત: તાલીમ દ્વારા પ્રાપ્ત થયેલા સંસ્કારોની એ નિષ્પત્તિ હશે.

વિદ્યાર્થીઓને ઉત્પ્રેરણા પૂરી પાડવાનો ખ્યાલ પણ ક્રમશ: બલવત્તર બનતો ગયો હતો.

વિદ્યાર્થીઓમાં નિયમિતતા, સમયપાલન, ખંત આદિ ગુણોની ખિલવણીમાં ઉપકારક એવી 'વહેલા-પહેલી'ની પદ્ધતિ વિદ્યાર્થીઓના રોજબરોજના વર્ગક્રમ-નિર્ધારણ માટે અસ્તિત્વમાં આવી હતી. તદુપરાંત, 'સવાલવારી'ની પ્રોત્સાહક પદ્ધતિ પણ કેટલીક શાળાઓમાં અપનાવવામાં આવતી હતી.

શૈક્ષણિક અનાવડત સહિત નાનાં નાનાં સ્ખલનો માટે વિદ્યાર્થીઓને તરેહતરેહની શિક્ષાઓ કરવાની પ્રથા સામાન્ય હતી.

પ્રાથમિક-શિક્ષણ સંસ્થાઓની જેમ માધ્યમિક શિક્ષણ-સંસ્થાઓમાં પણ શિક્ષણકાર્યમાં શૈક્ષણિકસાધનોનો વધતો જતો ઉપયોગ, ઇનામો અને શિષ્યવૃત્તિઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ઉત્પ્રેરણા, સ્ખલનો માટે શિક્ષા આદિ તત્ત્વો જોવા મળે છે.

ઉચ્ચશિક્ષણ સ્તરે કોલેજોમાં મુખ્યત્વે વ્યાખ્યાનપદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવતું અને વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આદિ તૈયાર કરવાની કડાકૂટમાં ઉતરવાનું રહેતું નહીં. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની જેમ હાજરી અંગેના કડક નિયંત્રણો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ન હતાં. વિદ્યાર્થીઓને જાતે જ બધા વિષયો તૈયાર કરવાના રહેતા. શારીરિક શિક્ષાને આ કક્ષાએ સંપૂર્ણ તિલાંજલિ આપવામાં આવેલી.

બીજાં કેટલાક નોંધપાત્ર નિષ્કર્ષો આ પ્રમાણે છે : -

(૧) શિક્ષણ વ્યવહાર બહુધા એકમાર્ગી હતો, વિદ્યાર્થીઓ શાંત શ્રોતા બની રહેતા.

(૨) પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓ પર માહિતીનો બોજ ખડકતા.

(૩) નોટ્સ ઉતરાવવાની પદ્ધતિ અસ્તિત્વમાં હતી.

(૪) તેજસ્વી સ્નાતક વિદ્યાર્થીઓને 'ફેલો' તરીકે નિમણૂક કરવાની પ્રથા વ્યાપક બની હતી.

પરીક્ષણવ્યવસ્થા :- નવી શિક્ષણપ્રથાના પ્રારંભિક વર્ષોમાં શાળાઓમાં પરીક્ષા લેવાનું કામ શિક્ષકોને સોંપાયેલું તેમની પરીક્ષા લેવાની રીત અચોકકસ અને અશાસ્ત્રીય રહેતી. તત્પશ્ચાત્ પરીક્ષાઓને જાહેર પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય એ માટે જાહેરસ્થળોમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા તે લેવાતી થઇ પરંતુ એની પાછળનો મુખ્ય ઉદ્દેશ નવી કેળવણીને લોકપ્રિય બનાવવાનો હતો, વિદ્યાકીયસિદ્ધિની સાચી કસોટી કરવાનો નહીં. ઇ.સ. ૧૮૬૫-૬૬માં પરીક્ષાનાં પરિણામો પર અનુદાન આપવાની નીતિ નકકી થતાં શિક્ષણખાતાના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષાઓ લેવાય એવો પ્રબંધ થયો. એમાં શિક્ષક અને અધિકારીઓ વચ્ચેના સંબંધો પરિણામ પર અસર કરતા હોય એમ લાગે છે.

ઇ.સ. ૧૮૫૯ના વર્ષથી મુંબઇ વિશ્વવિદ્યાલયે તેની મેટ્રિકયુલેશનની પરીક્ષાઓ લેવાનો પ્રારંભ કર્યો. આ પરીક્ષાએ વિદ્યાર્થીઓમાં મોટો 'હાઉ' પેદા કર્યો હતો. મુંબઇ વિશ્વવિદ્યાલયની ઉચ્ચશિક્ષણની બધી જ પરીક્ષાઓનાં ધોરણો અન્ય વિશ્વવિદ્યાલયો કરતાં ઊંચાં રહયાં હતાં.

તમામ સ્તરે પરીક્ષાઓમાં જળવાતી પ્રમાણિકતાનું ધોરણ એકંદરે ઘણું ઊંચું રહયું હતું.

પૂર્વપ્રાથમિક શિક્ષણ : અધ્યેયકાલના પ્રથમ દાયકા સુધી પૂર્વપ્રાથમિક કક્ષાના બાળકો માટે કેળવણીનો કોઇ વિશિષ્ટ પ્રબંધ ન હતો. આધુનિક પદ્ધતિના બાલમંદિરોનો પ્રારંભ થયો એ પહેલાં પૂર્વશાળાવય ધરાવતાં કેટલાંક બાળકોને શિક્ષણ મળે, એવો પ્રબંધ એમનાં વાલીઓ ગામઠી નિશાળોમાં અને પ્રાથમિક શાળાઓમાં કરતા, પરંતુ શૈક્ષણિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આ શાળાઓમાં બાળકોને આપવામાં આવતું શિક્ષણ અને એમને

શિક્ષણ આપવાની પદ્ધતિઓ સર્વથા તાજ્ય ગણાય એવાં હતાં.

ગુજરાતમાં 'બાલોદ્યાન' (કિંડરગાર્ટન્) પ્રકારની સૌ પ્રથમ શાળા ઇ.સ. ૧૮૫૪-૫૫ના અરસામાં સુરત ખાતે સ્થપાઇ હોવાનો, એક નિર્દેશ ચરિત્રસાહિત્યમાંથી મળે છે, પરંતુ એમાં વિશિષ્ટ સાધનો ધ્વારા શિક્ષણ આપવાના પ્રયત્ન કરતાં કંઇ વિશેષ જોવા મળતું નથી. ગુજરાતમાં એની પરંપરા ઊભી થઇ નથી.

વર્તમાનપદ્ધતિના સર્વ પ્રથમ બાલમંદિરની સ્થાપના ઇ.સ. ૧૯૧૫માં વસો (જિ. ખેડા) મુકામે થઇ, એ બાલમંદિરે ગુજરાતમાં બાલકેળવણીનાં પ્રેરક બીજ વેર્યાં હતાં.

પૂર્વપ્રાથમિક શિક્ષણના પ્રસાર માટે સમાજનો વિરોધ ન હતો, પરંતુ નાના બાળકોની કેળવણી પાછળ ખર્ચ કરવાની જરૂર જ નથી, એવી કંઇક સમાજની માન્યતા હતી. આ પરિસ્થિતિમાં પૂર્વશાળાવય ધરાવતાં બાળકોને કેળવણી આપવાની દિશામાં સંગીન પ્રયત્નો ગિજુભાઇ બધેકાએ કર્યાનું જાણવા મળે છે. ગિજુભાઇએ બાલમંદિરો માટેના સાહિત્યના સર્જન ધ્વારા, બાલમંદિરોના શિક્ષકો માટેની તાલીમી વ્યવસ્થા ધ્વારા તથા સંમેલનો વગેરે ધ્વારા ગુજરાતમાં બાલમંદિરોની સ્થાપનાને વેગ આપવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે.

<u>ઔદ્યોગિક અને વ્યાવસાયિક શિક્ષણ :</u> અધ્યેયકાલના અંત સુધી ગુજરાતના યુવકોનું વલણ મુખ્યત્વે સામાન્ય શિક્ષણ ( General Education ) પ્રાપ્ત કરી, બ્રિટિશ સરકારની અને દેશી રાજ્યોની વિવિધ કક્ષાની નોકરીઓ પ્રાપ્ત કરવા તરફ ઢળેલું હતું. બિનવ્યવસાયી પદવી પ્રાપ્ત કરનારાઓને સરળતાથી નોકરીઓ મળી રહેતી, એટલે અધ્યેયકાલના અંત સુધી મોટા ભાગના યુવકો સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરવાનું વધુ પસંદ કરતા. આમ છતાં, અધ્યિત ચરિત્રસાહિત્ય પરથી એમ જણાય છે કે વીસમી સદીના પ્રારંભથી કેટલાક ગુજરાતી યુવકો તબીબી કેળવણી પ્રાપ્ત કરવા મુંબઇની તેમ જ કૃષિવિદ્યા અને ઇજનેરીની તાલીમ પ્રાપ્ત કરવા પૂનાની કોલેજો તરફ વળ્યા હતા.

તળ ગુજરાતમાં સૌ પ્રથમ વડોદરામાં ઇ.સ. ૧૮૮૯માં કલાભવનની સ્થાપના કરવામાં આવી. લોકો વૈજ્ઞાનિક પદ્ધતિએ ધંધાઉદ્યોગોનું જ્ઞાન તેમ જ કૌશલ્ય પ્રાપ્ત કરી ધંધાઉદ્યોગોમાં સુધારા કરી શકે અને નવા ઉદ્યોગો સ્થાપી શકે એવી મહારાજા

સયાજીરાવની ઉદાત્ત ભાવનામાંથી એનું નિર્માણ થયું હતું. પ્રો. ગજ્જરનો એની સફળતામાં ઘણો મોટો ફાળો રહયો છે. ગુજરાતના જ નહીં, પરંતુ આખા ભારતના વિદ્યાર્થીઓને ધંધાકીય શિક્ષણ આપવામાં આ સંસ્થા મોખરે રહી હતી.

વ્યાયામશિક્ષણ : ગુજરાતની પ્રજાની એક મોટી નબળાઈ તેની વ્યાયામ પ્રત્યેની ઉદાસીનતા હતી. શારીરિક તાકાત અને બુધ્ધિને બાર ગાઉનું છેટું રહે છે, એવો વ્યાપક ભ્રમ આ પ્રજા ધરાવતી હતી. ગુજરાતી પ્રજાની આવી વ્યાયામ વિમુખતા વિદારવા, ચાલુ સદીના પ્રથમ બે દાયકાઓ દરમ્યાન પુરાણીબંધુઓની જોડી મોખરે રહી છે. પુરાણીબંધુઓનાં પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તૈયાર થતા કાર્યકરોએ વ્યાયામશાળાઓની સ્થાપનાને ગુજરાતવ્યાપી સ્વરૂપ આપ્યું. આ કાર્યમાં વ્યાયામ-શાળાઓના કાર્યકરોને લોકવિરોધનો સામનો કરવો પડયો હતો. સરકારની પણ વ્યાયામશાળાઓ તરફ 'લાલ આંખ' રહેતી.

વ્યાયામશાળાઓનો આર્વિર્ભાવ રાષ્ટ્રીય ચેતનામાંથી થયો હતો. ફલતઃ એનાં ઉદ્દેશો અને કાર્યપધ્ધતિ પરંપરાગત કસરતશાળાઓ કરતાં જુદાં હતાં.

યુવકોમાં શ્રમસહિષ્ણુતા, પ્રમાણિકતા, સેવાભાવ, દેશપ્રેમ સ્વાવલંબન આદિ જેવા મહત્ત્વના ગુણો વિકસે.અને એમનાં ચારિત્ર્યનો વિકાસ થાય એવા પ્રયત્નો વ્યાયામશાળાઓમાં હાથ ધરવામાં આવતા હોવાનું કહી શકાય. વ્યાયામશાળાની પ્રવૃત્તિઓમાં વકતૃત્વસ્પર્ધાઓ, સાંઘિક રમતો, ધર્મપુસ્તકો તથા ચરિત્રગ્રંથોનું પઠન, સમાજસેવાના કાર્યક્રમો આદિનો પણ સમાવેશ થતો હતો. ગુજરાતમાં અસ્તિત્વમાં આવેલી બધી વ્યાયામશાળાઓ માટે આ પ્રવૃત્તિઓ લગભગ સામાન્ય હતી. આ રીતે, સાંપ્રત સૈકાના પ્રથમ બે દસકા દરમ્યાન ગુજરાતમાં અસ્તિત્વમાં આવેલી નવી વ્યાયામશાળાઓએ યુવકોના સર્વાંગીણ ઘડતરમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હતું, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટેની શિક્ષણવ્યવસ્થા : પરંપરાગત પાઠશાળાઓમાં સંસ્કૃતનું અધ્યયન થતું હતું. ત્યાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓ વ્યાકરણ, કાવ્ય, જયોતિષ, વૈદક કર્મકાંડ વગેરે પૈકી અનુકૂળ વિદ્યાશાખાનું જ્ઞાન યથામતિ પ્રાપ્ત કરતા. નવી કેળવણીના પ્રસાર સાથે પાઠશાળાઓની લોકપ્રિયતા ઓસરવા લાગી.

આવી પાઠશાળાઓનો નિભાવ બહુધા દેશી રાજયો દ્વારા અને શ્રીમંતો દ્વારા મળતાં દાનો ઉપર થતો હોવાનું અધ્યિતન ચરિત્રસાહિત્ય પરથી જાણવા મળે છે. પાઠશાળાઓમાં ભણવા આવતા વિદ્યાર્થીઓને માટે મકાન, વસ્ત્રો, સીધાં કે છાત્રવૃત્તિની સગવડ કેટલાંક દેશી રાજયો તરફથી અને કેટલીક સંસ્થાઓ તરફથી કરવામાં આવતી. પાઠશાળાઓમાં અધ્યયન કરતા ભિક્ષુક વિદ્યાર્થીઓ 'માધુકરી' માગી લાવીને પણ નિર્વાહ કરતા હોવાનું જાણવા મળે છે. પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓનું જીવન સ્વાવલંબી હતું, અને સાચા અર્થમાં જીવન દ્વારા જીવનની તાલીમ તેમને ત્યાં મળતી, પરંતુ એમનું જીવન બહુધા પ્રાચીન વર્ણાશ્રમધર્મને અનુસરનારું અને સ્થિતિચુસ્ત બની રહેતું.

રાજકુમારો માટેની શિક્ષણવ્યવસ્થા : ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં દેશી રાજયોના રાજકુમારોની કેળવણીમાં બ્રિટિશ સરકારનો રસ વધવા લાગ્યો. રાજકુમારોની કેળવણી માટે કેટલીક વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓ અસ્તિત્વમાં આવી. જે રાજપારિવાર એક યા બીજા કારણસર પોતાના કુમારોને રાજકુંવરો માટેની વિશિષ્ટ સંસ્થામાં કેળવણી આપી શકે એમ ન હોય, તે ઘરઆંગણે એક અથવા વધારે શિક્ષકો રોકીને રાજકુંવરોને શિક્ષણ આપવાનો પ્રબંધ કરતા. રાજકુંવરોના શિક્ષકો અને શિક્ષણ પર બ્રિટિશ સરકારની ચાંપતી નજર રહેતી.

રાજકુમારો માટેની વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પર વધુ ભાર મૂકાતો અને એની પાછળ વધુ સમય ગાળવામાં આવતો.

પ્રવૃત્તિપૂર્ણ રમતો, વાચનકાર્યક્રમો, પ્રવાસપર્યટનો આદિ એના શિક્ષણની પ્રમુખ પ્રવૃત્તિઓ હતી. આ સંસ્થાઓ રાજકુમારોને પશ્ચિમાભિમુખ બનાવી એમને વિદેશી શાસકોના પ્રશંસકો બનાવવા તરફ વિશેષ ઝોક આપતી હશે, એમ કહેવાને કેટલાક આધારો પ્રાપ્ત થાય છે.

સમગ્ર રીતે જોતાં, આ સંસ્થાઓએ રાજકુમારોની ભાવિ જરૂરિયાતોને લક્ષમાં રાખીને સંગીન અને ફળદાયી શિક્ષણક્રમ ઉપસાવ્યો ન હતો, એમ જણાય છે.

કેળવણીમાં શાલેતર શિક્ષણસંસ્થાઓનાં પ્રદાન અને પ્રતિકાર : કેળવણી એટલે વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર એવો વ્યાપક અર્થ ઘટાવીએ તો બાળકના વ્યક્તિત્વ-ઘડતરમાં ભાગ ભજવનારી અન્ય સંસ્થાઓનો સમાવેશ પણ કેળવણીની સંસ્થાઓમાં થઈ જાય. બાળકના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવનારી સંસ્થાઓમાં ઘર-કુટુંબ, જ્ઞાતિ-સમાજ, છાત્રાલય

વગેરેનો સમાવેશ થાય છે.

(૧) ઘર-કુટુંબ :- બાળકના સમગ્ર વ્યક્તિત્વના ઘડતરમાં કૌટુંબિક વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં નવી શિક્ષણપ્રથાનો પ્રારંભ થયો તે પહેલાં ઘર-કુટુંબ શિક્ષણની સંસ્થા તરીકે મહત્ત્વની કામગીરી બજાવતું હતું. વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા બાળકોને ઘર-આંગણે શિક્ષણ આપવાની પ્રથા પ્રચલિત હતી. બ્રાહ્મણ, વૈશ્ય આદિનાં બાળકો વંશપરંપરાગત ધંધાકીય તાલીમ ઘરઆંગણે જ મેળવતાં હતાં.

ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતાં સંદર્ભો પરથી ફલિત થાય છે કે અધ્યેયકાલ દરમ્યાન એક શિક્ષણસંસ્થા તરીકેનું કુટુંબનું મહત્ત્વ વણપ્રીછયું ન હતું. કેળવણી એ સર્વાંગીણ ઘડતરની પ્રક્રિયા છે, એ હકીકતને અલ્પાંશે સૈદ્ધાંતિક અને વ્યાવહારિક સ્વીકૃતિ પ્રાપ્ત થઇ હતી, અને ઘર-કુટુંબ સંસ્થાએ પાંગરતી પ્રજાને ધાર્મિક શિક્ષણ-સંસ્કારો આપવાની તેની પ્રાચીન પ્રણાલી જાળવી રાખી હતી અને ઉછરતી પેઢીઓના ચારિત્ર્યઘડતરની મહત્ત્વપૂર્ણ જવાબદારી ઉપાડી હતી.

શિક્ષિત અને સંસ્કારી પરિવારો પોતાનાં પાલ્યોના શાલેય શિક્ષણમાં પણ રસ લેતાં થયાં હતાં પરંતુ જૂજ અપવાદ બાદ કરતાં કન્યાઓને નવી કેળવણી પ્રાપ્ત કરવા માટે અંગત માર્ગદર્શન કે પ્રોત્સાહન આપવામાં આવતું હોય એવું અધ્યેતા ચરિત્રસાહિત્યમાંથી ફલિત થતું નથી. નવી શિક્ષણપ્રથાના વિકાસ સાથે, મધ્યમ અને શ્રીમંત વર્ગનાં પરિવારોમાં બાળકોને કેળવણી આપવા અંગેની જાગૃતિ અને રસ વધતાં જતાં હતાં. ઉભય પ્રકારનાં પરિવારોમાં બાળકોને નવી કેળવણી પૂરી પાડવા કુટુંબ દ્વારા વિશિષ્ટ પ્રયત્નો થતા હોવાનાં ઘણાં દૃષ્ટાંતો ચરિત્રસાહિત્યમાં નોંધાયાં છે. આર્થિક લાભ, સામાજિક પ્રતિષ્ઠા આદિ તેની પાછળના પ્રેરકો રહ્યા છે.

કુટુંબસંસ્થાએ, આમ એક તરફ નવી શિક્ષણપ્રથાને આવકારી છે અને એને પ્રોત્સાહન આપ્યું છે, તો બીજી તરફ એ એની સામે એક અવરોધક બળ બનીને પણ ઊભી રહી છે. અધ્યેતા ચરિત્રસાહિત્યમાંથી અનેક ઉદાહરણો પરથી જાણવા મળે છે કે કેટલાંય તેજસ્વી વિદ્યાર્થીઓની વિદ્યાકીય પ્રગતિમાં કુટુંબ એક અવરોધક બળ પણ બની રહેતું હતું. ઝીણી ઝીણી માનવીય લાગણીઓ- ભાવનાઓ એમાં નિમિત્ત બનતી.

(૨) જ્ઞાતિસમાજ :- કુટુંબસંસ્થાની જેમ જ્ઞાતિસમાજે પણ શિક્ષણ પરત્વે પ્રોત્સાહક તેમ જ અવરોધક અસરો ઉપજાવી છે.

નવી શિક્ષણપ્રથાના પ્રારંભમાં અંગ્રેજી ભાષા શીખવા સામે રૂઢિચુસ્ત જ્ઞાતિઓમાં ભારે પૂર્વગ્રહ હતો. અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં નલીબી શિક્ષણ પ્રાપ્ત કરવા અંગે નાગર, વણિક આદિ જ્ઞાતિમાં પૂર્વગ્રહ પ્રવર્તતો હતો, એ વિદિત છે. અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં પ્રવર્તમાન સામાજિક ધાર્મિક પર્યાવરણ જોતાં અન્ય જ્ઞાતિઓમાં પણ તલીબી શિક્ષણ અંગે આવો પૂર્વગ્રહ પ્રવર્તતો હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. પરદેશગમન સંબંધી જ્ઞાતિસંસ્થાના વલણોએ પણ શિક્ષણના અવરોધક પરિબળ તરીકે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. બીજું, છેક અધ્યેયકાલના અંત સુધી અને તે પછી ય જારી રહેલી બાળલગ્નની રૂઢિએ કંઈક અંશે છોકરાઓની અને મહદ્અંશે છોકરીઓની કેળવણીને અવરોધવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એ રૂઢિને જ્ઞાતિસંગઠનોએ પ્રતિપોષણ આપ્યું હતું. ત્રીજું, હરિજનવર્ગને શિક્ષણથી વંચિત રાખવામાં પણ સમગ્ર અધ્યેયકાલ પર્યંત જ્ઞાતિસંસ્થાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વખત જતાં જ્ઞાતિ-સંગઠનો કેળવણી માટે પ્રોત્સાહક બળ બનીને બહાર આવવા લાગ્યાં.

વિશેષત : ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓમાં અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં કેટલીક ઉચ્ચ જ્ઞાતિઓમાં જ્ઞાતિજનોની શૈક્ષણિક પ્રગતિને વેગ આપવાના જાગરૂક પ્રયત્નો વૈયક્તિક અને સામુદાયિક ધોરણે હાથ ધરવામાં આવ્યા હોવાના પ્રમાણો પણ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. જ્ઞાતિના ઉત્કર્ષની ભાવનાથી પ્રેરાઈને કેટલીક જ્ઞાતિઓના શિક્ષિત યુવકોએ જ્ઞાતિમુખપત્રો પણ શરૂ કર્યાં હતાં. આ મુખપત્રોએ પણ શૈક્ષણિક ઉત્કર્ષ માટેની સાનુકૂળ ભૂમિકા સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આમ, અધ્યેયકાલ દરમ્યાન, જ્ઞાતિસંસ્થાના સમગ્ર વ્યવહારોનું નિરીક્ષણ કરતાં જણાય છે કે પ્રારંભમાં જ્ઞાતિસંસ્થા નવી કેળવણી સામે એક દીવાલ બનીને ઊભી હતી. પરંતુ ધીમે ધીમે એનું મહત્ત્વ સમજાતાં, એની રૂખ બદલાતી જતી હતી.

(૩) <u>છાત્રાલય</u> : અધ્યેયત ચરિત્રસાહિત્યમાંથી સાર્વજનિક છાત્રાલયો અને જ્ઞાતિ-સંચાલિત છાત્રાલયો વિશે મહત્ત્વપૂર્ણ અને અર્થસૂચક વિગતો ઉપલબ્ધ થાય છે. આ બંને પ્રકારનાં છાત્રાલયો વચ્ચે વિદ્યાર્થીપ્રવેશની નીતિને બાદ કરતાં કોઈ વ્યાવર્તક તફાવત નિષ્પન્ન થતો નથી.

આધુનિક ઢબનાં છાત્રાલયોનો પ્રારંભ થતાં પહેલાં સ્થળેતર વિદ્યાર્થીઓની નિવાસવ્યવસ્થા ખરેખર દયનીય હતી. સગાંસંબંધીને ત્યાં રહેતા વિદ્યાર્થીઓની સ્થિતિ

કંઇક સારી હશે, પરંતુ 'ઉતારાઓ'માં અને ભાડાના મકાનોમાં રહેતા વિદ્યાર્થીઓને ઠીક ઠીક હાલાકી રહેતી હશે એમ જણાય છે.

છાત્રાલયોનો પ્રારંભ, આમ તો, તેના આદ્યસ્થાપકોએ મુખ્યત્વે સ્થળાંતર ગરીબ વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના ઉદ્દેશથી કર્યો હતો. પારાવાર હાલાકી ભોગવતા વિદ્યાર્થીઓ માટેની હમદર્દી એના મૂળમાં હતી. એની સાથે કેળવણીને ઉત્તેજન આપવાની તેમની ભાવના પણ તેમાં કામ કરતી હતી. એના સંચાલકોના કરકસરયુક્ત, પ્રમાણિક વહીવટ અને સેવા કરવાની ધગશને લીધે એ છાત્રાલયોના મકાન અને ઇતર સુવિધાઓ માટે પ્રજા તરફથી સારાં એવાં દાન મળી રહેતાં. લોકો તરફથી મળતાં દાન બે પ્રકારનાં હતાં : (૧) છાત્રાલયના મકાનોનાં નિર્માણ માટે તેમ જ તેમાં વસતા છાત્રોના લાભાર્થે પુસ્તકાલયો, વાચનાલયો વગેરેની વ્યવસ્થા સર્જવા માટે મળતાં રોકડ દાનો અને (૨) છાત્રોપયોગી ચીજવસ્તુઓના સ્વરૂપે મળતાં દાનો.

વીસમી સદીના પ્રારંભિક દાયકામાં શરૂ થયેલાં ઘણાં છાત્રાલયો પાછળ ઉમદા ભાવના હતી. ધ્યેય હતું, લગન હતી, સેવાવૃત્તિ હતી. આ છાત્રાલયોએ વિદ્યાર્થીઓના સર્વાંગીણ ઘડતરનું ધ્યેય અપનાવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સારી ટેવો પડે, સારા સંસ્કારો રેડાય, તેમને જીવનની સાચી તાલીમ મળે, એ માટે તેના સંચાલકો જાગ્રત રહેતા. અધ્યેયકાલના અંતિમ દાયકાઓમાં માધ્યમિક અને ઉચ્ચ કેળવણીને ગ્રામ વિસ્તારોના વિદ્યાર્થીઓ સુધી પહોંચતી કરવામાં પણ આ સંસ્થાઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

<u>કેળવણીના કેટલાક પ્રશ્નો અને પ્રવાહો</u> : કેળવણીની વહેતી સરિતામાં રાજકીય, સાંસ્કૃતિક - સામાજિક, આર્થિક આદિ ઝરણો-પરિબળો ભળે છે. ક્યારેક એ ઝરણો કેળવણીની વહેતી સરિતાને પુષ્ટ કરે છે, એના વહેણને વેગવંતુ બનાવે છે, તો ક્યારેક એમાં વમળો પેદા કરે છે, એના નિર્મળ જળને દૂષિત બનાવે છે. પરિણામે કેળવણીમાં કેટલાક પ્રશ્નો અને પ્રવાહો પેદા થાય છે. અધ્યેયકાલ દરમ્યાન ઊભા થયેલા અને ચરિત્રસાહિત્યમાં પ્રતિબિંબિત થયેલા આવા કેટલાક પ્રશ્નો અને પ્રવાહો નીચે જેવા રહ્યા છે :

(૧) <u>ગામડાઓમાં બ્રાહ્મણકોમનું શિક્ષણ</u> : ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં શહેરી વિસ્તારોમાં, ઉજળિયાત વર્ગ, નવી કેળવણી પ્રાપ્ત કરવા દોટ મૂકી રહ્યો

હતો, ત્યારે ગ્રામવિસ્તારોની શિક્ષણ વિષયક સ્થિતિમાં કોઇ ફેર પડયો નહોતો. ગામડાંઓમાં નાગર બ્રાહ્મણ, વણિક આદિ ઉજળિયાત જ્ઞાતિઓ પણ માધ્યમિક અને ઉચ્ચ કેળવણી પ્રત્યે ઉદાસીન રહી હતી.

(૨) પછાતકોમોનું શિક્ષણ : બ્રિટિશ પદ્ધતિની નવી કેળવણી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ઉપર જોયું તેમ, બહુધા શહેરોમાં વસતી ઉજળિયાત વસતી પૂરતી મર્યાદિત રહી. તેનો લાભ વિશેષતઃ શ્રીમંત અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ લેતા રહયા. પછાતકોમોનાં બાળકોના શિક્ષણ માટે સમાજનું વાતાવરણ સાનુકૂળ નહોતું. ગામઠી નિશાળોમાં તો હરિજન જેવી અસ્પૃશ્ય ગણાતી કોમના વિદ્યાર્થીઓને સ્થાન જ નહોતું. સરકારી નિયમ પ્રમાણે તો છેક ઇ.સ. ૧૮૫૮થી બધી સરકારી શાળાઓ, તમામ કોમોના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકાઇ હતી. પરંતુ આ નિયમ બહુધા કાગળ પર જ રહેવા પામ્યો હતો.

ઇ.સ. ૧૮૮૫ પછી જે રાષ્ટ્રીય જાગૃતિ પ્રસરી તેણે શિક્ષિતોના એક વર્ગમાં, પ્રજાના આ ઉપેક્ષિત અંગ પ્રત્યે અનુકંપા પ્રગટાવી. આ વર્ગે ભારે સામાજિક અવરોધો વચ્ચે આ ઉપેક્ષિત કોમોના શૈક્ષણિક, સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક ઉન્નયનના પ્રયત્નો હાથ ધરવા લાગ્યો. હરિજનો, આદિવાસીઓ મિલમજૂરો આદિ જેવા તરછોડાયેલા પ્રજાવર્ગના કલ્યાણની પ્રવૃત્તિઓ ગુજરાતમાં છૂટીછવાઇ શરૂ થતી રહી. વીસમી સદીના પ્રારંભમાં આ પ્રવૃત્તિઓ વેગવંતી બની ગઇ અને અધ્યેયકાલના અંતિમ વર્ષોમાં તો એણે ઝુંબેશનું સ્વરૂપ પકડયું. રાષ્ટ્રીય કાર્યકરો અને સમાજસુધારકોનું એમાં મોટું પ્રદાન રહયું. આર્યસમાજની પ્રવૃત્તિઓએ અને ગાંધીજીના નેતૃત્વે એમના પ્રયત્નોમાં પ્રાણ પૂર્યો.

(૩) હરિજનોનું શિક્ષણ : અધ્યેયકાલ દરમ્યાન હરિજનબાળકોના શિક્ષણનો પ્રશ્ન ઘણો વિકટ રહયો. વડોદરા રાજયે ફરજિયાત શિક્ષણની યોજના, હરિજનવિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓનો માટા પાયા પર પ્રબંધ, એ કોમનાં બાળકો માટેનાં અલગ વસતિગૃહો વગેરે દ્વારા એ કોમના શૈક્ષણિક ઉત્કર્ષ માટે ઓગણીસમી સદીમાં અંતિમ દાયકાઓથી ખૂબ મહત્ત્વપૂર્ણ પ્રયત્નો હાથ ધર્યા હતા. રાષ્ટ્રીય ચેતનાએ, હરિજનોના શિક્ષણના પ્રશ્નને ઉપાડી લેનાર કેટલાક ધ્યેયનિષ્ઠ કાર્યકરો પણ આપ્યા. ગુજરાતના આવા કાર્યકરોમાં મામા સાહેબ ફડકે,

ઠક્કરબાપા, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરેનાં નામો મોખરે રહે છે.

(૪) કન્યાકેળવણી : ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં કન્યાકેળવણીનો પ્રશ્ન વિચારાતો થયો. મોટાં શહેરોમાં કન્યાઓને કેળવણી આપવા સ્વતંત્ર શાળાઓ સ્થપાવા લાગી. પરંતુ તેનો લાભ મુખ્યત્વે બ્રાહ્મણ, વણિક આદિ ઉચ્ચ જ્ઞાતિની બાળાઓ જ લેતી.

બાળલગ્નના વ્યાપક ચાલને લીધે કન્યાઓને બેચાર ધોરણનું જરૂરી શિક્ષણ આપી, તેમને વિશેષત: સુગૃહિણીની તાલીમ આપવાનું જનસમાજનું વલણ રહેતું. શહેરોમાં વસતી ઉજળિયાત પ્રજામાં પણ ઓગણીસમી સદીના અંત સુધી આવી જ પરિસ્થિતિ હતી. કન્યાઓને માધ્યમિક કેળવણી થોડા શિક્ષિત પરિવારોમાં મળતી. ઓગણીસમી સદીના અંત સુધી ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવું ગુજરાતની યુવતીઓ માટે સ્વપ્ન સમાન બની રહયું હતું.

વીસમી સદીના પ્રારંભમાં કન્યાશિક્ષણના પ્રયત્નોએ વેગ પકડયો. ગુજરાત વર્નાકયુલર સોસાયટી, ગુજરાત કેળવણી મંડળ, ગુજરાત સ્ત્રીકેળવણી મંડળ વગેરે સંસ્થાઓએ કન્યાકેળવણીને ઉત્તેજન આપવાના પ્રયત્નો હાથ ધર્યા. કન્યાઓ માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટેની સ્વતંત્ર સંસ્થાઓ સ્થપાવા લાગી. વડોદરા રાજ્યમાં ફરજિયાત શિક્ષણનો કાયદો ઇ.સ. ૧૮૦૬માં અમલમાં આવતાં કન્યાકેળવણીને વેગ મળ્યો. શહેરોમાં ઉજળિયાત વર્ગ સ્ત્રીકેળવણીનું મહત્ત્વ ધીમે ધીમે સમજતો થયો. પરંતુ શહેરોમાં કન્યાકેળવણી અંગે જે ચેતના પ્રગટી તે ગ્રામવિસ્તારો સુધી પહોંચી નહોતી.

(૫) શિસ્ત અને શિક્ષા : 'સોટી વાગે ચમ ચમ અને વિધા આવે ઘમ ઘમ' એ ગામઠી નિશાળોએ અપનાવેલું સૂત્ર હતું. નવી શિક્ષણપ્રથામાં અસ્તિત્વમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં પણ નાનાવિધ શારીરિક શિક્ષાઓ થતી. બાળકોના વ્યકિતત્વનો સ્વીકાર બહુજનસમાજે તથા ગામઠી નિશાળો અને પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ કર્યો જ નહતો. એમાંની ઘણી શાળાઓ બાળકો માટે કેદખાનાં સમાન હતી. માધ્યમિક શાળાઓના વિધાર્થીઓ પણ શારીરિક શિક્ષાસથી બચવા પામ્યા નહોતા. શૈક્ષણિક મંદતા સહિત બાલસુલભ ચેષ્ટાઓ ઘણી વાર ઘાતકી શિક્ષાઓમાં પરિણમતી. પ્રાથમિક-માધ્યમિક ઉભય સ્તરે

બહુધા દમનયુક્ત શિસ્ત પ્રચલિત હતી. શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર અધ્યેયકાલ દરમ્યાન મોટેભાગે અમનોવૈજ્ઞાનિક રહ્યો હતો.

ઉચ્ચશિક્ષણ-સ્તરે કોલેજોમાં શારીરિક શિક્ષાઓને તિલાંજલિ મળી હતી. દંડ, વર્ગો ભરવાની કામચલાઉ મનાઇ, બરતરફીની ધમકી આદિ આ સ્તરે અપનાવાતા શિક્ષાપ્રકારો હતા. પરંતુ વિદ્યાર્થીઓ એકંદરે આ સ્તરે મોકળાશ અનુભવતા રાહતનો દમ ખેંચતા.

(૬) શિક્ષણનું માધ્યમ : ઇ.સ. ૧૮૮૧-૮૨ સુધી શિક્ષણના માધ્યમ અંગે ભિન્ન ભિન્ન પરિસ્થિતિ પ્રવર્તતી હતી. મહદ્અંશે, અંગ્રેજીનો શિક્ષણના માધ્યમ તરીકે ક્યારે ઉપયોગ કરવો, તેનો આધાર શાળાના હેડમાસ્તરના નિર્ણય પર રહેતો. ઇ.સ. ૧૮૮૨માં નિમાયેલા હંટર પંચે આ પરિસ્થિતિમાં સુધારો કર્યો. ફલત: માધ્યમ અંગે ચોક્કસ નીતિ ઘડાઇ. પ્રાથમિક કક્ષાએ શિક્ષણનું માધ્યમ માતૃભાષા રહે, મિડલસ્કૂલ કક્ષાએ અંગ્રેજીને કેવળ એક વિષય તરીકે સ્થાન રહે, પરંતુ હાઇસ્કૂલના સ્તરે શિક્ષણનું માધ્યમ નિર્વિવાદ રીતે અંગ્રેજીને જ રાખવું એમ નિશ્ચિત થયું.

(૭) રાષ્ટ્રીય કેળવણી : વીસમી સદીનાં પ્રારંભનાં વર્ષોમાં જગતમાં અને ભારતમાં શકવર્તી બનાવો બન્યા અને તેમાંથી રાષ્ટ્રીય કેળવણીનો વિચાર પ્રાદુર્ભૂત થયો. વીસમી સદીના બીજા દસકામાં પ્રગટેલી રાષ્ટ્રીયતાની પ્રબળ ચળવળે શિક્ષણક્ષેત્રે ઉક્ત વિચારે નક્કર ભૂમિકા પ્રાપ્ત કરી એમાંથી ત્રણ સિદ્ધાંતોનો આવિર્ભાવ થયો :

(૧) સરકાર સાથે અસહકાર, (૨) રાષ્ટ્રીય ભાવનાની ખિલવણી, અને
(૩) માતૃભાષા દ્વારા શિક્ષણ.

ઇ.સ. ૧૯૨૦માં સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠે કેળવણીની આગવી પદ્ધતિ અને અનોખો કાર્યક્રમ આપ્યો. આ વર્ષોમાં ગુજરાતમાં લગભગ બધાં જ શહેરોમાં રાષ્ટ્રીય સંસ્થાઓ ઊભી થઇ હતી.

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણની જે ચળવળ ઉદ્ભવી તે પ્રમાણમાં દેશના અન્ય ભાગો કરતાં વધુ પ્રબળ હતી. રાષ્ટ્રીય શિક્ષણની સાથે સાથે સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ અને રાષ્ટ્રીય વિકાસની ભાવના ભળી હતી. એટલે તેણે વિદ્યાર્થીઓમાં

અને શિક્ષકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું, પણ બહુજનસમાજ આ નવી કેળવણી માટે તૈયાર ન હતો. ફલતઃ આગળ જતાં રાષ્ટ્રીય કેળવણીનો જુવાળ ઓસરતો ગયો હતો, એની નોંધ લેવી અત્રે ઉપયોગી ગણાય.

(૮) પ્રથમ ગુજરાત કેળવણી પરિષદ : અમદાવાદમાં ઇ.સ. ૧૯૧૬માં ભરાયેલી 'ગુજરાત કેળવણી પરિષદે' કેળવણીની નવરચનામાં કેટલાક પ્રવાહો શરૂ કરવામાં પોતાનું આગવું પ્રદાન કર્યું છે, અને તેની દિશા અને સ્વરૂપનું પણ સુરેખ ચિત્ર ઉપસાવ્યું છે તેનો ઝોક નીચેની બાબતો પર રહ્યો :

(૧) ગુજરાતી ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્થાન આપવાની માગણી

(૨) દલિતવર્ગના ઉત્કર્ષ માટે પ્રાથમિક કેળવણી મફત અને ફરજિયાત કરવાની જરૂરિયાત પર ભાર

(૩) કન્યાકેળવણીનો વિકાસ અને કન્યાઓની જરૂરિયાત સંતોષે એવો અભ્યાસક્રમ ઘડવા પર મૂકાયેલો સવિશેષ ઝોક

(૪) કેળવણીમાં શ્રમશિક્ષણને અપાયેલું મહત્ત્વ

આમ, કેળવણીને યોગ્ય ઘાટ આપવામાં અને તેનો વિકાસ સાધવામાં ગુજરાત કેળવણી પરિષદે પ્રારંભથી જ રચનાત્મક ફાળો આપવાનું શરૂ કરી દીધું હતું.

(૯) શિક્ષણની સાર્વજનિક સંચાલનસંસ્થાઓની સ્થાપના : વિશેષતઃ વીસમી સદીના પ્રારંભિક દાયકાઓ સાર્વજનિક પ્રવૃત્તિઓની દૃષ્ટિએ નોંધનીય બની રહ્યા હતા. એ સમય દરમ્યાન રાષ્ટ્રીય હિલચાલમાં આવેલા ઉછાળાને પરિણામે કેટલીક રાજકીય અને બિન-રાજકીય સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. બિનરાજકીય સંસ્થાઓનું ધ્યેય પ્રજાજીવનની ઊણપો દૂર કરવાનું હતું. એ સમય દરમ્યાન કેટલાંક સાર્વજનિક શિક્ષણમંડળો અને સંસ્થાઓ પણ સ્થપાયાં. ગુજરાત કેળવણી મંડળ, ગુજરાત સ્ત્રીકેળવણી મંડળ, ગુજરાત વ્યાયામ મંડળ વગેરે ગુજરાત-વ્યાપી પ્રવૃત્તિઓ હાથ ધરતાં કેટલાંક સંગઠનો આ સમય દરમ્યાન અસ્તિત્વમાં આવ્યાં. દલિત પ્રજાની ઉન્નતિ અર્થે પણ કેટલાંક મંડળો આ સમય દરમ્યાન સ્થપાયાં અને તેમણે પછાત વર્ગોના બાળકોના શૈક્ષણિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓને વેગ આપ્યો. સૂરત, ભરૂચ, ચરોતરનાં સાર્વજનિક કેળવણી મંડળો

પણ એ જ દાયકામાં રચાયાં. શૈક્ષણિક પ્રગતિને વેગ આપવામાં આ મંડળોએ ખૂબ મહત્ત્વનો ફાળો નોંધાવ્યો હતો.

(૧૦) પુસ્તકાલય-વાચનાલયપ્રવૃત્તિ : વીસમી સદીના પ્રારંભિક દાયકાઓ પુસ્તકાલય-વાચનાલયપ્રવૃત્તિના વિકાસની દૃષ્ટિએ પણ ખૂબ મહત્ત્વના બની રહ્યા. આ દાયકાઓ દરમ્યાન શહેરી વિસ્તારો પૂરતી સીમિત રહેલી વાચનાલય-પુસ્તકાલયપ્રવૃત્તિએ ગ્રામવિસ્તારોમાં પણ પદાર્પણ કર્યું. મોતીભાઇ અમીનની 'મિત્રમંડળ પુસ્તકાલય યોજના' અને ગુજરાત કેળવણી મંડળની 'ગોખલે પુસ્તકાલય યોજના' હેઠળ ઘણા ગામડાંઓમાં પુસ્તકાલયો અને વાચનાલયો ઊભાં થવા લાગ્યાં. પુસ્તકાલય પ્રવૃત્તિને વેગ આપવામાં વડોદરા રાજ્ય ખૂબ મોખરે રહ્યું હતું. કેળવણીના વિકાસને લીધે અને રાષ્ટ્રીય ચેતનાએ પ્રગટાવેલી જાગૃતિને લીધે આ પ્રવૃત્તિનું સારું એવું વિસ્તરણ થવા પામ્યું હતું.

(૧૧) શિક્ષકોની તાલીમ : ગુજરાતી-પ્રાથમિક શાળાઓના શિક્ષકોની તાલીમનો પ્રારંભ, ગુજરાતમાં એમની સેવાકાલીન તાલીમના સ્વરૂપમાં થયો. એવી તાલીમનાં બીજ છેક 'બોમ્બે નેટીવ સ્કૂલ એન્ડ સ્કૂલ-બુક કમિટિ'ના (૧૮૨૦-૧૮૪૦) વખતમાં રોપાઇ ચૂકયાં હતાં. 'બોર્ડ ઓફ એજ્યુકેશન' (૧૮૪૦-૧૮૫૪)ના વખતમાં પણ શિક્ષકોની તાલીમ માટે સંગીન પગલાં લેવાયાં હતાં. એ વખતના તાલીમી કાર્યક્રમોમાં, શિક્ષકોએ શાળામાં શીખવવાના વિવિધ વિષયોના પાઠયવસ્તુ પર વિશેષ ભારમૂકાતો.

કેળવણી-ખાતાની રચના પછી પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે કાયમી પ્રબંધ કરવા પર ભાર મૂકાયો. ઇ.સ.૧૮૬૪માં ગુજરાતની પ્રથમ પ્રશિક્ષણ સંસ્થા અમદાવાદમાં સ્થપાઇ. એ જ વર્ષથી ગુજરાતનું પ્રથમ શૈક્ષણિક મુખપત્ર- 'શાળાપત્ર'- પ્રગટ થવા લાગ્યું. પાછળથી રાજકોટ અને વડોદરામાં પણ પ્રાથમિક શિક્ષકો માટેનાં અધ્યાપન મંદિરો અસ્તિત્વમાં આવ્યાં હતાં. કન્યા-કેળવણીને વેગ મળે એ માટે સ્ત્રીશિક્ષકોને તાલીમ આપતી મહિલા પ્રશિક્ષણ સંસ્થા પણ અમદાવાદમાં સ્થપાઇ હતી.

માધ્યમિક શિક્ષકોની તાલીમ અંગે અધ્યેયકાલ દરમ્યાન ઘણી ઉદાસીનતા

પ્રવર્તતી હતી. ગુજરાતના જૂજ માધ્યમિક શિક્ષકો મુંબઈમાં ઇ.સ.૧૯૦૫ના અરસામાં સ્થપાયેલી માધ્યમિક શિક્ષકો માટેની પ્રશિક્ષણ સંસ્થામાં તાલીમ લેવા જતા. આ કક્ષાએ તાલીમનું મહત્ત્વ જોઇએ તેટલું સ્પષ્ટ થયું નહોતું.

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષકોની તાલીમ સંગીન ધોરણે વિકસવા પામી હતી, એ હકીકતની નોંધ અત્રે લેવી ઘટે.

## ૯.૪ તારતમ્ય :

અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં જે કેળવણીપ્રથા વિકસી, કેળવણી વિષયક જે વિચારો પ્રગટયા અને જે પ્રવાહો અને પ્રશ્નો ઉપસ્થિત થયાં, તેની ગુણવત્તા અને નિષ્ફળતાનું આજે લગભગ પાંચેક દસકા પછી મૂલ્યાંકન કરી શકાય. સંશોધનકાર પાસે જે તટસ્થતા અને સર્વગ્રાહીતા અપેક્ષિત હોય છે, તે દ્વારા આવા મૂલ્યાંકનની સંશોધનને અંતે અપેક્ષા રહે છે.

ઓગણીસમી સદી અને ચાલુ સદીની લગભગ પહેલી પચ્ચીસી સુધીમાં બ્રિટિશ પદ્ધતિની જે કેળવણીપ્રથા વિકસી અને જે રીતે તેનો વિકાસ કરવા પ્રયત્ન થયો તેની ગુણવત્તા - સિદ્ધિઓ કાંઇક આવી હતી :

(૧) બ્રિટિશ શાસનકર્તાઓ જે પ્રકારની નવી કેળવણીપ્રથા ભારતમાં વિકસાવવા માગતા હતા તેના ઉદ્દેશો, કાર્યક્રમો, પદ્ધતિઓ વગેરે વિશે ખૂબ સ્પષ્ટ હતા. શાસનકર્તાઓના મનની આ સ્પષ્ટતાને લીધે જે નવી કેળવણીની પ્રથા ગુજરાતમાં અને અન્યત્ર વિકસી તેમા સુશ્લિષ્ટતા, સુરેખતા અને સચોટતા આવી. તેઓ તે જમાનામા પ્રવર્તતી ગામઠી શિક્ષણપ્રથાની નિર્બળતાઓ સચોટ રીતે સમજી શકયા હતા, અને તેથી તેને સ્થાને કેવી શિક્ષણપ્રથા અને શિક્ષણપદ્ધતિઓ દાખલ કરવાની છે, તે વિશે સ્પષ્ટ અને મક્કમ હતા.

(૨) દેશમાં નવી શિક્ષણપ્રથાનો વિકાસ પ્રમાણમાં ઝડપી થયો, કારણ કે તેને માટે જરૂરી સંગઠનરચના ( organisation ), વહીવટીતંત્ર રચના, આવક-ખર્ચનું માળખું અને તેના પરની નિરીક્ષણ -નિયંત્રણની વ્યવસ્થા નવી શાળાઓ ખોલવાનો માટે પ્રચાર, સમજાવટ વગેરે કાર્યમાં ગુજરાતી અમલદારોનો મેળવેલો સહકાર, શાળાઓ માટે શિક્ષકોની ખોજ, શિક્ષકોને તાલીમ આપી

નવા પ્રકારના શિક્ષણકાર્ય માટે તૈયાર કરવા માટે તેમને વાસ્તે શિક્ષક-તાલીમનો પ્રબંધ, પરીક્ષાતંત્રનું નિર્માણ વગેરે એક સંગીન કેળવણીપ્રથા માટે જરૂરી ઘટકો બ્રિટિશશાસકોએ સુરેખ અને સચોટરીતે ઉપસાવ્યા હતા. કેળવણી માટેની સુશ્લિષ્ટ અને ક્ષમતાપૂર્વકની વહીવટી તંત્રરચના એ બ્રિટિશ-શાસનની સૌથી વધુ મૂલ્યવાન દેણગી હતી. આ તંત્રરચના સમયનાવહેણ સાથે થોડેવત્તે અંશે બદલાતી રહી, એ પણ તેની વિશિષ્ટતા હતી.

(૩) ઓગણીસમી સદીમાં ગુજરાતમાં સરકારી નીતિ જુદાં જુદાં શહેરી, કસબાઓ અને મોટાં ગામડાંઓમાં નવી પદ્ધતિની પ્રાથમિક શાળાઓનું વિસ્તરણ કરવાની હતી. તેણે અંગ્રેજી માધ્યમિક શાળાઓ પણ સ્થાપી, પણ તેનું પ્રમાણ પ્રાથમિક શાળાઓના પ્રમાણમાં ઓછું હતું. ઇ.સ. ૧૮૬૫-૬૬માં સમસ્ત ગુજરાતમાં ૩૮૮ નવી પ્રાથમિક શાળાઓ હતી અને તેમાં ૨૫,૩૪૧ બાળકો ભણતાં હતાં. ઇ.સ. ૧૯૨૧માં ૫,૮૫૧ શાળાઓમાં લગભગ ૪.૨૪ લાખ બાળકો ભણતાં હતાં. ઇ.સ. ૧૮૫૪માં ગુજરાતમાં ચાર સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓ અસ્તિત્વમાં આવી હતી. આ શાળાઓની સંખ્યા ઇ ૧૯૨૦-૨૧માં ૨૭૨ બની હતી અને વિદ્યાર્થી સંખ્યા લગભગ ૪૦ હજારની બની હતી એટલે, બ્રિટિશ રાજકર્તાઓએ માધ્યમિક શિક્ષણને બદલે પ્રાથમિક શિક્ષણના ફેલાવા માટે જે વધુ ભાર મૂકયો હતો તે યોગ્ય હતો, કારણ કે પ્રાથમિક શિક્ષણ એ જનસમાજનું અને ગરીબોનું શિક્ષણ હતું. ફક્ત એટલું જ કે પ્રાથમિક શિક્ષણક્ષેત્રે જે વિસ્તરણ થયુ તે ખૂબ જ ઓછું હતું, અને તે જ કથની કંઇક અંશે માધ્યમિક શિક્ષણની પણ હતી.

(૪) બ્રિટિશશાસનકર્તાઓએ નવો અભ્યાસક્રમ ઘડવાની જે દૃષ્ટિ બનાવી અને તેને માટે જે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા એ પણ આ જમાનાની એક મોટી સિદ્ધિ તરીકે ગણી શકાય. તેમના સહૃદયી પ્રયત્નો અને તેમની આ ક્ષેત્રમાની આગવી સૂઝ વગર જેને શાસ્ત્રીય રીતે અભ્યાસક્રમ કરી શકીએ.તેવી આ જમાનામાં વિદ્યાકીય વ્યવસ્થા થઇ શકી. આ કાર્યમાં તેમણે સૂઝ અને શકિતવાળા ગુજરાતી સરકારી અમલદારો - ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરોની પણ સાથ મેળવ્યો. આ દિશામાં રણછોડદાસ ગીરધરદાસ, દુર્ગાશંકર મહેતાજી, મોહનલાલ રણછોડદાસ, ભોલાનાથ સારાભાઇ, મહીપતરામ નીલકંઠ,

નવલરામ પંડયા, દલપતરામ કવિ, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ વગેરેની દૃષ્ટિવંત સરકારી અંગ્રેજ અમલદારોએ જે સહૃદયતાપૂર્વક સહાય લીધી હતી તે નોંધનીય છે. પાઠયપુસ્તકોના નિર્માણમાં તે વખતના ઉત્તર વિભાગના અધિકારી મિ. ટી. સી. હોપનું પ્રદાન ભારે હતું.

(૫) અભ્યાસક્રમના જેવું જ મહત્ત્વનું પ્રદાન પાઠયપુસ્તકોના નિર્માણનું છે. તેમણે ગુજરાતી લિપિ વ્યવસ્થિત કરવામાં, જોડણીના નિયમો ઘડવામાં, વાચનમાળાઓ તૈયાર કરવામાં, ઈતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાનના પાઠયપુસ્તકો રચવામાં આગવો ફાળો આપ્યો છે. આમાં તેમણે તત્કાલીન ઈંગ્લેન્ડની સ્કૂલોમાં વપરાતા પાઠયપુસ્તકોનો મોડેલ અને નકલ માટે ઉપયોગ કર્યો હતો એ વાત સાચી, પણ ગુજરાતની શાળાઓ, ગુજરાતના શિક્ષકો અને ગુજરાતનાં બાળકોને લક્ષમાં રાખી ગુજરાતી અમલદારો-ઈન્સ્પેકટરો અને ટ્રેનિંગ કોલેજના પ્રાધ્યાપકોની મદદથી ખાસ પાઠો તૈયાર કરાવ્યા હતા. વ્યવસ્થિત, આયોજિત અને ક્રમતાપૂર્વકની અભ્યાસસામગ્રી પૂરી પાડતાં પાઠયપુસ્તકોનું નિર્માણ એ આ જમાનાની અને બ્રિટિશ કેળવણીપ્રથાની વિશિષ્ટ દેણગી હતી.

(૬) નવા પ્રકારની શિક્ષણપ્રથા અને વ્યવસ્થામાં શિક્ષકતાલીમનું મહત્ત્વ પ્રારંભિક વર્ષોથી જ સમજાયું અને સ્વીકારાયું હતું, તે બ્રિટિશ શાસકોની બીજી આગવી સિધ્ધિ છે, નવા પ્રકારની પ્રાથમિક શાળાઓને વિષયજ્ઞાનમાં યોગ્ય રીતે સુસજ્જ અને શિક્ષણની પધ્ધતિઓનો જાણકાર શિક્ષક આપવાની જે દૃષ્ટિ નવી શિક્ષણપ્રથાના વિકાસના પ્રારંભિક વર્ષોમાં જ વિકસી શકી, એ એક મોટી સિધ્ધિ ગણી શકાય. આ શિક્ષકતાલીમ આપનારા વિધ્વાનો ગુજરાતના બાહોશ કેળવણીકારો હતા. તેમાંના કેટલાક તો પ્રથમ કોટિના સાહિત્યકારો હતા. ગુજરાતમાં આવા પ્રશિક્ષણનું સાહિત્ય અને તેની ઉજવળ પરંપરાઓ ઓગણીસમી સદીના છઠ્ઠા-સાતમા દસકાથી ઘડાવા લાગી. મહીપતરામ નીલકંઠ, નવલરામ પંડયા, કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી વગેરેનું શિક્ષકતાલીમના ઘડતર અને વિકાસ-માં પ્રદાન ઘણું ઊંચું છે. તેમણે ગુજરાતની પ્રાથમિક કેળવણીને એક આગવી પ્રતિભા અને પ્રતિષ્ઠા અર્પી હતી.

(૭) અંગ્રેજોની કેળવણીની શાસનવ્યવસ્થામાં પછાત કોમોમાં શિક્ષણનો ફેલાવો કરવાની

અને કન્યાઓની કેળવણીનો વિસ્તાર અને વ્યાપ વધારવાની દૃષ્ટિ હતી, એ પણ તેનું એક ગરવું ચિહ્ન છે. બ્રિટિશ શાસનવ્યવસ્થાએ પછાતકોમોના બાળકો માટે થોડા પણ પ્રયત્નો કર્યા હતા. આનું મહત્ત્વ વિશેષ તો ત્યારે લાગે છે કે જ્યારે એ વાત ધ્યાનમાં રાખવામાં આવે કે ગામઠીશિક્ષણપ્રથામાં પછાતકોમના બાળકો માટે શિક્ષણની કોઇ વ્યવસ્થા ન હતી. પછાતકોમનાં બાળકો માટે અંગ્રેજ અમલદારો અને તેમની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ગુજરાતી શિક્ષણ અમલદારોએ થોડા પ્રયત્નો કર્યા હતા. પછાતકોમના ઉત્કર્ષ અને શિક્ષણમાં યુરોપિયન મિશનરીઓ વધુ સક્રિય અને ઉત્સાહી હતા, કારણ કે તેમનું અંતિમધ્યેય તો તેમનું ખ્રિસ્તીકરણ કરવાનું હતું. ૧૮૫૯થી બધી સરકારી શાળાઓ અસ્પૃશ્યો સહિતની બધી કોમો માટે ખુલ્લી કરવામાં આવી હતી. ૧૮૮૨ સુધીમાં તો કોઇપણ હરિજન વિદ્યાર્થીને સરકારી માધ્યમિક શાળામાં પ્રવેશનો અધિકાર પ્રાપ્ત થયો હતો. તેમ છતાં, પછાત કોમોમાં અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણનો વ્યાપ અને વિસ્તરણ ઘણાં ઓછાં રહ્યાં, તે માટે તત્કાલીન સમાજનો તે માટેનો જબરજસ્ત વિરોધ અને આ કોમોની પણ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની ઉદાસીનતા કારણભૂત હતી. ૧૮૮૫-૮૨થી ૧૯૨૦-૨૫ દરમ્યાન થોડો ઘણો પણ પછાતકોમોમાં શિક્ષણમાં વિકાસ - વિસ્તાર સધાયો હતો.

(૮) જે ઉદાસીનતા, વિરોધ અને અસમાનતાની કહાણી પછાતકોમોના સંતાનોના શિક્ષણની હતી, તે ગુજરાતમાં અને દેશના અન્ય ભાગોમા કન્યાકેળવણી અને સ્ત્રીશિક્ષણની હતી. અધ્યેયકાલમાં સમાજનો કન્યાશિક્ષણ સામે જબરજસ્ત વિરોધ હતો. કન્યાનું શિક્ષણ મોટાં શહેરો અને કસબાઓમાં અને તેય ઉચ્ચવર્ણોની જ્ઞાતિ પૂરતું સીમિત હતું. બ્રિટિશ શાસકોએ- સરકારી અંગ્રેજ અને ગુજરાતી અમલદારોએ કન્યાકેળવણીના વિકાસ માટે વ્યક્તિગત ધોરણે અને સરકારની નીતિના રાહે આ જમાનામાં ઠીક ઠીક પ્રયત્નો કર્યા હતો. પણ આવા પ્રયત્નો છૂટાછવાયા, વ્યવસ્થિત તંત્ર દ્વારા પ્રબળ બનતી હિલચાલની તીક્ષ્ણતા વગરના અને મર્યાદિત સ્વરૂપના હતા. તે વખતે આવા સુધારાઓની બાબતમાં જ્ઞાતિ અને સમાજ સરકારી નીતિ કે પ્રયત્નો કરતાં

વધારે બળવાન હતાં. ગુજરાતમાં કન્યાકેળવણીના અગ્રણી પ્રયત્નો કરવાનું બહુમાન પણ મિશનરીઓને જાય છે. તેમણે સુરત જેવા શહેરમાં કન્યાકેળવણીની શરૂઆત કરી અને છોકરીઓ માટે નવા પ્રકારનું શિક્ષણ આપતી નવી સ્કૂલો સ્થાપી. સરકારી કેળવણીખાતાએ છોકરીઓમાં શિક્ષણ ફેલાવા માટે થોડાવત્તા પ્રયત્નો કર્યા. તેમને માટે શિક્ષકતાલીમની વ્યવસ્થા પણ કરી, પણ ગુજરાતમાં કન્યાકેળવણી માટે જે પ્રારંભિક પ્રયત્નો થયા અને સિદ્ધિઓ હાંસલ થઇ તેમાં સુધારાની દૃષ્ટિ અને ઉત્કટતાવાળા સુશિક્ષિત ગુજરાતી અમલદારો, સમાજસુધારકો, ધાર્મિક સુધારાનીચળવળના અગ્રણીઓ, શેઠિયાઓ, સામાજિક અને સાહિત્યિક સંગઠનોનો ફાળો વધુ અને વધારે મોટો છે. ગુજરાતમાં કન્યાશિક્ષણ અને સ્ત્રીશિક્ષણનાફેલાવા માટે જે પ્રયત્નો થયા, તે વિશેષ કરીને ૧૮૭૦ પછી ક્ષિતિજ પર ચમકયા. ગુજરાતમાં ઓગણીસમી સદીમાં ઍંગ્લો-ઇન્ડિયન, ખ્રિસ્તીઓ, નાગર બ્રાહ્મણ, જૈનો કન્યાકેળવણીમાં આગળ હતા.

આ સિવાય પણ અધ્યેયકાલમાં બ્રિટિશ શિક્ષણપ્રથાની ગુજરાતની કેળવણીમાં કેટલીક બીજી સિદ્ધિઓ ગણાવી શકાય. આ સિદ્ધિઓ આવી હતી :

-- ગામઠી શિક્ષણપ્રથામાં ફીને ખાસ સ્થાન ન હતું. નવી શિક્ષણપ્રથામાં ફીની આવક શિક્ષણસંસ્થાઓના નિભાવનો એક આધાર-સ્થંભ બની.
-- જાહેર પરીક્ષાની પ્રથાનું નિર્માણ થયું,જેને લીધે જનતાનું કેળવણી પર ધ્યાન વધારે ખેંચાતું ગયું, અને કેળવણીનો 'નોકરી'ની સાથે જ્યારે સંબંધ જોડાયો ત્યારે પરીક્ષાપ્રથાને લીધે નવી કેળવણી વધુ લોકપ્રિય બની ,
-- શિક્ષકોને વ્યવસ્થિત અને ચોકકસ માસિક પગાર મળતો થયો,
-- અભ્યાસક્રમમાં પશ્ચિમનાં નવા વિજ્ઞાન અને તેના સારી રીતે ખેડાયેલા સાહિત્યના અભ્યાસને સ્થાન મળ્યું,
-- ખાનગી શાળાઓ માટે ગ્રાન્ટની પદ્ધતિ શરૂ થઇ,
-- શાળાઓ માટે નિરીક્ષણ, નિદર્શન અને નિયંત્રણની પ્રથા શરૂ થઇ અને તેને પરિણામે, શિક્ષણસંસ્થાઓની ગુણવત્તાના ધોરણ જાળવવાં વધારે શકય બન્યાં ,
-- શિક્ષણના જુદા જુદા તબકકાનું સુરેખ અંકન થયું, પ્રાથમિક શિક્ષણ ૧૮૬૫-૬૬માં ચાર વર્ષનું કરાયું, ૧૮૬૭-૬૮ પાંચ વર્ષનું, ૧૮૭૦-૭૧માં ૬ વર્ષનું,

૧૮૮૭-૮૮માં બાળવર્ગનો ઉમેરો થયો અને ૧૯૦૧-૦૨માં તે ૭+૧
= ૮ વર્ષનું બનાવાયું.

-- ૧૮૬૫-૬૬માં જ્યારે પ્રથમ ગ્રાન્ટ-ઇન-એઇડ-કોડ દાખલ થયો ત્યારે માધ્યમિક શિક્ષણને ૬ ધોરણોમાં વહેંચી નાખ્યું હતું, પણ કેળવણીના નિયામક મિ. પીલેએ ૧૮૭૦-૭૧માં માધ્યમિક શિક્ષણની મુદત એક વર્ષ વધારીને ૭ વર્ષની બનાવી.

-- માધ્યમિક શાળાઓનું હાઇસ્કૂલ, પ્રથમ કક્ષાની એ. વી. સ્કૂલ અને બીજી કક્ષાની એ. વી. સ્કૂલ એમ ત્રણ વર્ગો પાડી તેના સંચાલનની અને શિક્ષણની ગુણવત્તા વધારવામાં આવી હતી.

-- ૧૮૫૯માં બોમ્બે યુનિવર્સિટીએ મેટ્રિકની પરીક્ષા શરૂ કરવાથી માધ્યમિક શિક્ષણની ઉપલી સીમા નિશ્ચિત થઇ. ૧૮૭૦-૭૧માં માધ્યમિક શિક્ષણની પ્રારંભિક કક્ષા પ્રાથમિક ધોરણ ચાર પછીની બની. આમ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની સીમાઓ નિશ્ચિત થઇ.

-- આ સિવાય પણ બ્રિટિશ કેળવણીપ્રથાની બીજી સિદ્ધિઓ છે, પણ તેની સાથે સાથે તેની ઘણી વિષમતાઓ અને નિષ્ફળતાઓ પણ ઉપસી છે. આ નિષ્ફળતાઓ અને મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(૧) બ્રિટિશ શાસને તેની સત્તા ગુજરાતમાં અને અન્યત્ર સ્થપાતાં તે સમયની પ્રચલિત ગામઠી શિક્ષણપ્રથાનો નાશ કરવામાં અને તેને સ્થાને એક નવી જ — તેમના પોતાના દેશમાં પાંગરેલી શિક્ષણપ્રથા ઠોકી બેસાડી. આથી, શિક્ષણનું વિસ્તરણ પ્રમાણમાં ઘણું ધીમું બની ગયું. જો વિદ્યમાન ગામઠી શિક્ષણપ્રથાનો પ્રારંભિક પાયા તરીકે ઉપયોગ કરી, તેના પર જ ગુજરાતની હવાને— ભારતીય હવાને માફક આવે એવી શિક્ષણપ્રથાનું ચણતર અને ઘડતર કર્યું હોત, તો અધ્યેયકાલને અને શિક્ષણક્ષેત્રે જે પ્રગતિ સાધી શકાઇ હતી, તેના કરતાં તેની માત્રા અનેકગણી વધારે હોત. પોતાની સંસ્કૃતિ અને સંસ્થાઓનું ગૌરવ અને ભારતના સાંસ્કૃતિક વારસાની અવગણના એ બ્રિટિશ શાસનપદ્ધતિની મોટી નિષ્ફળતા હતી.

અલબત્ત, પ્રસ્તુત સંશોધનમાંથી એવું ફલિત થાય છે કે તત્કાલીન

૪ ગામઠી શિક્ષણપ્રથાની એવી અવનતિ થઇ હતી કે તેને કેળવણીનું નામ આપવું એ પણ બહુ ગણાય. તેમ છતાં, જ્યાં શકય હોય ત્યાં આવી શિક્ષણસંસ્થાઓને આર્થિક સહાય, માર્ગદર્શન, શિક્ષકતાલીમ વગેરે દ્વારા સુસજ્જ કરી તેની ક્ષમતા સુધારવા પ્રયત્ન કર્યો હોત તો તેનાથી આમ જનતાના શિક્ષણની સારી સેવા થઇ શકી હોત, અને પાછળથી સમાજની જરૂરિયાતોથી શિક્ષણ વિમુખ થતું ગયું છે, એવી લાગણી પ્રવર્તતી થઇ એ અટકાવી શકાઇ હોત.

(૨) બ્રિટિશ શિક્ષણપદ્ધતિએ હંમેશા શિક્ષણ-ફી પર ભાર મૂકયો છે. ભારતમાં-ગુજરાતમાં મફત શિક્ષણની પરંપરા હતી. સમાજ શિક્ષકના નિભાવનો ભાર ઊઠાવતો. પરિણામે શિક્ષક અને શાળા સમાજની વધુ નિકટ હતાં. બ્રિટિશરોએ શિક્ષણમાં માસિક ફીનું તત્ત્વ ઉમેર્યું પરિણામે શિક્ષણ ખર્ચાળ બન્યું જેની, ગરીબ પ્રજા પર મોટી અસર થઇ, અને તે શિક્ષણના લાભથી વિમુખ રહી. તદુપરાંત, સમાજ અને શિક્ષક તેમ જ શાળા વચ્ચે એક પ્રકારની અલગતા અને ઔપચારિકતા સર્જાઇ.

(૩) બ્રિટિશરોએ જે નવી શિક્ષણપ્રથા જન્માવી તે વધુ પડતી માહિતીપ્રચુર અને પુસ્તકિયા બની રહી. શિક્ષણને વ્યવહારુ અને વ્યકિત તેમ જ સમાજને ઉપયોગી બનાવવામાં બ્રિટિશ શિક્ષણપદ્ધતિ પાછી પડી.

(૪) અંગ્રેજી શિક્ષણપ્રથા એ કેળવણીનું સાધન બનવાને બદલે અંગ્રેજી ભાષાનું શિક્ષણ બહુધા બની રહી. શિક્ષણપ્રથા અને પદ્ધતિઓમાં અંગ્રેજી ભાષાના શિક્ષણને વધુ પડતું વજન અને વધારે મહત્ત્વનું સ્થાન મળ્યું હતું. આથી, ભારતીય ભાષાઓનો પ્રસન્ન વિકાસ ખોરંભાયો અને શિક્ષણમાં મૌલિકતા, સર્જકતા અને પ્રયોગશીલતાને સ્થાન રહયુ નહીં.

(૫) અંગ્રેજી કેળવણીથી અંગ્રેજી ભણેલા ઘમંડી બાબુલોકોનો વર્ગ સર્જાયો જે જનતાથી દૂર સરકતો ગયો, પરિણામે અંગ્રેજી ભણેલા, અંગ્રેજી ન ભણેલા અને અભણ પ્રજા વચ્ચે અસમાનતા, અલિપ્તતા અને મોટા નાના કે ઉચ્ચનીચના ભેદભાવો સર્જાયા. આર્થિક વર્ગભેદો ને સામાજિક વર્ગભેદોની સાથે શૈક્ષણિક વર્ગભેદો પણ ઊભા થયા અને એણે પૂર્વકથિત ભેદોને ધારદાર બનાવ્યા.

(૬) નવી કેળવણીનું ધ્યેય સરકારી નોકરીની પ્રાપ્તિ બનવાથી સમગ્ર કેળવણીની પ્રક્રિયા દૂષિત કે વિકૃત બની.

(૭) માતૃભાષા દ્વારા શિક્ષણનો વિચાર જે ચાલુ સદીના બીજા દસકામાં કેળવણીની ક્ષિતિજો પર દેખાયો હતો, તેનો જે રીતે સરકારી કેળવણી ખાતા તરફથી વિરોધ થયો અને તેના સ્વીકારમાં અંતરાયો નંખાયા તેથી ગુજરાતની કેળવણીને પારાવાર નુકશાન થયું છે.

(૮) ગુજરાતની પ્રથમ કેળવણી પરિષદે વ્યાવહારિક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક કેળવણીની હિમાયત કરી, તેનાં પણ કેળવણીખાતા તરફથી ઉપેક્ષા અને વિરોધ થતાં રહ્યાં, એથીય ગુજરાતની કેળવણીને, આર્થિક વિકાસને અને સમાજના નવ ઘડતરને ઘણું નુકશાન થયું છે.

(૯) ગુજરાતમાં વડોદરા જેવા દેશી રાજ્યમાં છેક ૧૮૯૩થી ફરજિયાત શિક્ષણની પ્રથા દાખલ કરવામાં આવી હતી અને તેને ૧૯૦૬માં વ્યાપક સ્વરૂપ પ્રાપ્ત થયું હતું, પણ ગુજરાતમાં તેમ જ દેશના અન્ય ભાગોમાં પ્રાથમિક કેળવણીને ફરજિયાત બનાવવા માટે જે સનિષ્ઠ અને સહૃદય પ્રયત્ન થયા તેનો સરકારે જડ વલણ અખત્યાર કરી વિરોધ જ કર્યો.

(૧૦) સરકારી કેળવણીખાતાએ પછાતકોમનાં બાળકો માટે તેમ જ કન્યાકેળવણી માટે સાનુકૂળ નીતિ અખત્યાર કરી હતી, પણ તેનો અમલ મક્કમતાથી અને પ્રબળતાથી કર્યો નહિ; પરિણામે સમાજના આ નબળા વર્ગોમાં કેળવણીનો ખાસ ફેલાવો થઇ શક્યો નહીં.

(૧૧) અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણનું જે વિસ્તરણ થયું તે સમગ્ર રીતે જોતાં ઘણું કંગાળ લેખી શકાય. ૧૯૨૧માં ગુજરાતની વસતી લગભગ સવા કરોડની હતી. તેમાં પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોની સંખ્યા, વસતીના ૧૫ ટકાના ધોરણે ૧૨ લાખ જેટલી થવી જોઇતી હતી, પણ વાસ્તવમાં તે સંખ્યા ૪.૨૪ લાખ જ હતી. આ દર્શાવે છે કે ગુજરાતનું કેળવણીખાતું અધ્યેયકાલમાં પ્રાથમિક શિક્ષણનું જેટલું વિસ્તરણ આવશ્યક હતું, તે કરી શક્યું નહતું. માધ્યમિક શિક્ષણનું વિસ્તરણ પણ ઘણુંજ અપૂરતું હતું, કારણ કે સમગ્ર ગુજરાતમાં અધ્યેયકાલ પર્યંત કેવળ ૨૭૨ માધ્યમિક શાળાઓ સ્થપાઇ

શકી હતી, જેમાં ફકત ચાલીસેક હજાર વિદ્યાર્થીઓ જ ભણતા હતા. પ્રાથમિક કક્ષાએ કુલ વસતીના ફકત ૪.૪ ટકા અને માધ્યમિક કક્ષાએ ૦.૩૩ ટકા જેટલી સંખ્યા જ શિક્ષણનો લાભ મેળવતી થઇ હતી.

આમ, શિક્ષણનો લાભ વિશેષ પ્રમાણમાં શાળાવયકક્ષાના વિદ્યાર્થીઓને પૂરો પાડવામાં બ્રિટિશ શાસન અને તેની કેળવણીપ્રથા નિષ્ફળ ગયાં હતી.

તેની બીજી નિષ્ફળતાઓમાં સમાવેશ થાય છે :

--- કેળવણી દ્વારા ગુજરાતની અસ્મિતા કેળવાઇ નહીં,

--- કેળવણી આર્થિક વિકાસનું સાધન બની શકી નહીં,

--- શિક્ષણની પદ્ધતિઓ વધુ પડતી શબ્દાળુ અને પુસ્તકિયા બની ગઇ,

--- મેટ્રિકની પરીક્ષાઓનો હાઉ સર્જાયો,

--- રાષ્ટ્રીય અસ્મિતાને બદલે બ્રિટિશ સરકાર પ્રત્યેની વફાદારીને કેળવણીના ધ્યેય તરીકે સ્વીકારાયું,

--- કેળવણી ધર્મવિમુખ બની, ~~શ્રમગૌરવની~~

--- કેળવણીમાંથી શ્રમગૌરવની ભાવના ઉપ્સ થઇ, અને અંગ્રેજી કેળવણી મેળવીને વિદ્યાર્થી શારીરિક રીતે વધુ પડતો સુંવાળો બનતો ગયો, અને તેનું ખમીર અને કૌવત હણાતાં ગયાં,

--- ઔદ્યોગિક અને તક્નિકી શિક્ષણની ઉપેક્ષા થઇ,

--- કેટલાક શિક્ષિત ભારતવાસીઓ ખુદ પોતાના દેશમાં જ પરદેશી બન્યા અને ઇંગ્લેન્ડ તરફ, તેની કેળવણી તરફ, તેનાં આદર્શો, ટેવો, વલણો, મૂલ્યો વગેરે તરફ જોતા થયા અને તે અપનાવતા થયા. ભારતના બુદ્ધિવાદનું કેન્દ્ર ઇંગ્લેન્ડ બન્યું, ભારત માટે જ્ઞાનનું મૂળ ઇંગ્લેન્ડ બન્યું, ભારતવાસીઓ માટે સંસ્કાર અને સંસ્કૃતિપ્રાપ્તિનું સ્થળ ઇંગ્લેન્ડ બન્યું.

ગુજરાતની કેળવણીમાં આવી અને બીજી આના જેવી કેટલીક મર્યાદાઓ ચાલુ સદીની પહેલી પચ્ચીસી સુધીમાં સર્જાઇ હતી. આમ, અધ્યેયકાલમાં કેળવણીક્ષેત્રે તેજ અને પડછાયા બંને પથરાયા હતા, તેજ પ્રમાણમાં ઓછું હતું અને પડછાયાના ઓળા લાંબા અને વિકૃત બનતા ગયા હતા.

૯.૪ સમાપન :

ગુજરાતી ભાષામાં લખાયેલા ચરિત્રસાહિત્યમાંથી આમ, ઇ.સ. ૧૮૨૦થી ઇ.સ.૧૯૨૦ના ગાળામાં ગુજરાતમાં કંડારાયેલી અને ઘડાતી - વિકસતી કેળવણી-પ્રથાનું કેળવણી-વ્યવસ્થા, તેના કાર્યક્રમો અને પદ્ધતિઓ વગેરેનું ઊંડું, તલસ્પર્શી અને જીવંત કહી શકાય એવું ચિત્ર સાંપડે છે. આ સાધનસામગ્રીમાં બ્રિટિશ શાસનના પહેલા સૈકામાં કેળવણીનો સજાયેલો તખ્તો સજીવ થાય છે, તખ્તા પર જેણે પાઠ ભજવ્યો હતો, તે વ્યક્તિઓ જીવંત બની આંખ આગળ ઉપસ્થિત થાય છે. તેમના વિચારો, દર્શનો, પુરુષાર્થ, યોજનાઓ, વગેરેનું શબ્દચિત્ર ખડું થાય છે, તખ્તાની દૃશ્યસજાવટ , પડદાની ખેંચ, તેને નીચે પાડવા, ઉપર ઊંચકવા વગેરે પ્રક્રિયાઓ, પડદા પાછળની ધીમી-ત્વરિત હિલચાલો, ફૂંકાતા વાયરા, અંધકાર પ્રકાશના ઝબકારા-બધું જ પાછું જોવાય છે, અને ગુજરાતની કેળવણીની જીવનથી ધબકતી તાસીર ઉપસે છે. સંશોધક એ જ આશાએ વીરમે છે કે તેના આ નવલા અભિગમથી ઓગણીસમી સદીમાંની ગુજરાતની કેળવણીને સમજવામાં વધુ પરિપ્રેક્ષતા અને ઊંડાણ પ્રાપ્ત થાય. અસ્તુ !